ગુરૂ પર્વ

ભાગ ૨

ગુરૂપર્વ

ભાગ ૨

પરમ પૂજ્ય સદગુરુદેવ રાજયોગી નરેન્દ્રજીના
ગુરૂપૂર્ણિમાના
આશીર્વચનોનું સંકલન.

(સન ૨૦૦૮ થી ૨૦૨૪ સુધીનાં)

પરમશક્તિ મા ગાયત્રી

પરમ પૂજ્ય સદગુરુદેવ રાજયોગી નરેન્દ્રજી

નવ સિધ્ધાંત

૧. ઇષ્ટમાં સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી

૨. નિ:સહાયને સહાય કરવી

૩. દુ:ખીઓના દિલનાં આંસુડાં લુછવાં

૪. કોઇની ઈર્ષ્યા કરવી નહિ

૫. કોઇની સાથે વિશ્વાસઘાત કરવો નહિ

૬. પરનિંદાથી દૂર રહેવું

૭. પુરૂષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું

૮. નિ:સ્વાર્થ સેવા કરવી

૯. અહમનો ત્યાગ કરવો

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી

પ્રાર્થના

હે મા ભગવતી,

મને બાળક જેવો નિર્મળ અને નિર્દોષ બનાવજો.

મારા હ્રદયમાં હંમેશા અપનો જ વાસ કરજો.

મારી બુધ્ધિમાં આપનું જ જ્ઞાન સ્થિર કરજો.

મન, વચન, કર્મથી મને પવિત્ર રાખજો.

મારા સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વનું આપ જ નિયંત્રણ કરજો.

ૐ મા ૐ

અનુક્રમણિકા – ગુરૂપર્વ ભાગ-૨

અનુક્રમણિકા – ગુરૂપર્વ ભાગ-૨ 6

૧. પ્રેમ જ્યોત પ્રગટાવીએ 8

૨. ભક્તિ - પ્રેમ - સેવા એજ પરમની પૂજા 18

૩. શાશ્વત સેવા યજ્ઞ 37

૪. પ્રદુષણને પરાસ્ત કરીએ 51

૫. પ્રેમનો રાજમાર્ગ તો મેં કંડારી આપ્યો છે 61

૬. જીવન પરિવર્તનનું પર્વ ગુરૂપૂર્ણિમા 70

૭. રાજ ગુરૂતત્વ એક ધૂઘવતો સાગર છે 82

૮. આટલું અવશ્ય કરો અને શિવમય બની રહો 95

૯. આધ્યાત્મિક પિતા 110

૧૦. સમર્પણનો સૂરજ ક્યારે પ્રકાશે ? 123

૧૧. સદગુરૂ દિવ્યજીવન તરફ ગતિ કરાવે છે. 130

૧૨. જીવનને મહાન બનાવીએ 138

૧૩. આધ્યાત્મિક દિવાદાંડી 141

૧૪. આંતરમનની શક્તિને જગાવીએ 151

૧૫. સદગુરૂ જીવન યાત્રામા દિવાદાંડી 159

૧૬. “આપ મને કોઈ જ્ઞાન આપો”..166

૧૭. પરમ પૂજ્ય સદગુરુદેવ દ્વારા રચિત શાયરીઓ..............................173

૧. પ્રેમ જ્યોત પ્રગટાવીએ

ગુરૂપૂર્ણિમા ૨૦૦૮ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે મારા હૃદય મંદિરમાં આપ સર્વે પ્રેમીજનોનું સ્વાગત છે. આપ સર્વે આજે પ્રેમના પુષ્પો અને અંતરની શુભ લાગણી સાથે લઈને મા ભગવતીના પ્રેમબાળને અર્પણ કરવા માટે આવ્યાં છો. આપના પ્રેમપુષ્પોને હું પ્રેમથી સ્વીકારું છું.

સંસારમાં અને ગૃહસ્થી જીવનમાં સુખ શાંતિ વ્યાપી રહે, જીવનનો સર્વાંગી વિકાસ થાય અને જીવનયાત્રા પ્રસન્નતાથી પૂર્ણ થાય તેવી દરેક વ્યક્તિની ઈચ્છા હોય છે અને આવા ભાવ સાથે જ આપણે પરમાત્માને, સંત સદગુરૂને પ્રાર્થના સહ વંદન કરીએ, આશીર્વાદ મેળવીએ છીએ.

સાચા સુખનો સરળ માર્ગ છે આત્મભાવ પ્રગટાવવો. સુખ વસે છે સંતોષમાં, ન્યાયનીતિમાં, પ્રેમમાં, દિવ્યદ્રષ્ટિમાં, સર્વેમાં સમતાભાવ, પ્રશંસાભાવ કેળવવાથી જ મનમાં સુખનો અનુભવ કરી શકાય છે.

આપણે સહુ પરમાત્માના અંશ છે. પરમાત્મા પ્રેમસ્વરૂપ, આનંદસ્વરૂપ, સત્યસ્વરૂપ છે. પરમપિતા પરમાત્માના આ સર્વગુણો આપણી અંદર બીજરૂપે રહેલા છે. આ બીજરૂપ ગુણોને આપણા

જીવનકાળ દરમિયાન અંકુરિત કરીએ, વિકસિત કરીએ તો આપણી જીવનયાત્રા સુખ, શાંતિ અને દિવ્યતાના વાતાવરણમાં ગતિ કરી શકે.

આપણી અંદર બીજરૂપે રહેલા પરમના ગુણોને કેવી રીતે અંકુરિત કરીએ? કેવી રીતે વિકસાવીએ? ચાલો આપણે આપણી જીવનયાત્રા દરમિયાન જ તેને અંકુરિત થવા દઈએ. આપણા વ્યક્તિગત જીવનમાં આપણા આનંદને, પ્રસન્નતાને, પ્રેમને, સત્યને પ્રજ્જવલિત કરીને વિકસાવવાની વિવિધ રીતો છે.

(૧) ફરજ પાલન :- જીવનકાળ દરમિયાન વિવિધ પ્રસંગે અને પરિસ્થિતિમાં આપણે જે કાંઈ ફરજ બજાવવાની આવે તે ફરજ પૂરી નિષ્ઠાથી, પુરા પ્રેમથી, તેમાં ઓતપ્રોત થઈને આનંદથી બજાવવી જોઈએ. આપણે કુટુંબમાં કોઈના ભાઈ-બહેન, પિતા-પુત્ર, પતિ-પત્નિ, મિત્ર કે અન્ય સગપણ, સબંધમાં ગોઠવાયાં હોઈએ તે તે સબંધોની જાળવણીમાં ફરજમાં પૂરી નિષ્ઠા દાખવવી જોઈએ, સાથે સાથે અનાસક્ત અને નિર્લેપભાવ રાખવો જોઈએ. જેથી સબંધોમાં જકડાયા વગર આપણે આપણો આંતરિક વિકાસ કરી શકીએ.

(૨) અનાસક્તભાવ :- જીવનકાળ દરમિયાન આપણે જે કાંઈ કાર્ય કરવાનું હોય, ફરજ બજાવવાની હોય, કર્તવ્યપાલન કરવાનું હોય, તે સઘળું આપણી પુરેપુરી શક્તિ, નિષ્ઠા અને સામર્થ્યથી કરવું જોઈએ. નિ:સ્વાર્થભાવ, નિરાભિમાનીપણું અને અનાસક્તભાવે પ્રભુપ્રિત્યર્થે જ

કરવું જોઈએ. આવા ભાવ સાથે કરાયેલું આપણું કર્મ કર્મયોગ બની જાય છે. કર્મબંધનમાંથી મુક્ત રહેવાય જેથી હ્રદયમાં આનંદ, પ્રેમ અને સંતોષ વ્યાપી રહે.

(૩) પ્રશંસાભાવ :- પરમાત્માની જડચેતન સૃષ્ટિના પ્રત્યેક સર્જનની આપણે સમજ કેળવવી જોઈએ. કદર કરતા, appreciate પ્રશંસા કરતાં શીખવું જોઈએ. હંમેશા Positive Thinking હકારાત્મક વલણ દરેક વ્યક્તિ માટે અને દરેક પ્રસંગે રાખવું જોઈએ. અઘટીત પ્રસંગ કે અયોગ્ય વ્યક્તિના વાણી, વર્તન, વ્યવહાર અયોગ્ય લાગે તો મૌન રહેવામાં જ ડહાપણ છે. અભિપ્રાય પૂછવામાં આવે તો સવિનય યોગ્ય અભિપ્રાય આપી શકાય.

(૪) પ્રેમ પ્રદાન ભાવ :- આપણા સંપર્કમાં અને સંસર્ગમાં આવતી દરેક વ્યક્તિમાટે શુભ ભાવ, શુભ લાગણી દર્શાવીએ. આપણી ઉપાસના, પ્રાર્થના, ધ્યાન, વિગેરેમાં સમષ્ટિના સુખાકારીનો ભાવ ભળવો જોઈએ. વિરોધી વ્યક્તિ પ્રત્યે પણ પ્રેમભાવ રાખીએ તો આપણા હ્રદયમાં પ્રેમનો આવિર્ભાવ વધતો જાય છે. પુર્વાગ્રહો, સંકુચિતતા, કડવાશ વિગેરેની ગ્રંથિઓ છૂટી જાય છે. હ્રદય આકાશમાં, અરે! સમસ્ત અસ્તિત્વમાંથી પ્રેમના, આનંદના આંદોલનો પ્રસરી રહે છે.

પ્રેમ, આનંદ, સાત્વિકતા સાથે જ સદગુણોની હારમાળા જોડાઈ જાય છે. આ દિવ્ય સદગુણો સ્થૂળ દ્રષ્ટિથી જોઈ શકાય નહિં. તેને તો અનુભવી જ શકાય.

આપણી પ્રેમની જ્યોત, આપણા સદગુણોથી વધુ પ્રકાશિત થાય ત્યારે આપણામાં પ્રભુતા પ્રગટે છે. આપણા ઇષ્ટદેવની વધુ નિકટતા, આત્મીયતા અનુભવી શકાય છે.

આપણી અંદર પ્રગટેલા પરમના પ્રેમને આપણે વિવિધરૂપે પ્રદર્શિત કરી શકીએ છીએ. સેવા, દાન, દયા, અહિંસા, ક્ષમા વિગેરે વિવિધ ક્ષેત્રોમાં પ્રેમની અમીધારાને વહાવી શકીએ છીએ.

પ્રેમ એટલે સમર્પણ :- માતા અને બાળકનો પ્રેમ સબંધ સમર્પણનું, આનંદનું ઉત્તમ દર્શન છે. સમર્પણ એ પ્રેમની ધરી છે. પ્રેમ વગર સમર્પણ શક્ય જ નથી. પોતાના પ્રિય પાત્ર માટે સર્વસ્વ ન્યોછાવર કરી આનંદ અનુભવવો એ પણ એક નિજાનંદ છે. પ્રેમાળ વ્યક્તિ બીજાના સુખસગવડનું વધારે ધ્યાન રાખે છે. સ્નેહના સુખમાં જ પોતાનું જ સુખ નિહાળે છે. સાત્વિક પ્રેમમાં બદલાની - વળતરની કોઈ જ અપેક્ષા હોતી નથી.

પ્રેમમાં અહિંસાનો ગુણ :- પ્રેમ સભર વ્યક્તિ ક્યારે કોઈનું અહિત કરી શકે કે વિચારી શકે જ નહિં. પ્રેમ હંમેશા સ્વજનનું, સ્નેહીજનનું અને સમષ્ટિનું કલ્યાણ જ ઈચ્છે છે. સર્વનું મંગલમય ઈચ્છે છે. પરમની

જડચેતન સૃષ્ટિ પ્રત્યે માયાળુ, મમતાળુ વર્તન દાખવે છે. પ્રેમની પવિત્ર જ્યોત દરેક પ્રકારની હિંસાનો અંત લાવે છે. પ્રેમાળ વ્યક્તિ સમષ્ટિનો મિત્ર આત્મીય બની જાય છે.

પ્રેમમાં એકતા :- પ્રેમાળ વ્યક્તિમાં સમત્વનો ભાવ હોય છે. તેથી તે કોઈને પણ પરાયા ગણતી નથી. સ્નેહી સ્વજન કે અન્યના જીવનમાં ઉપજતા સુઃખ દુઃખને એ પોતાનાજ સુઃખ દુઃખ હોય તેવો ભાવ, તેવી લાગણી અનુભવે છે. પ્રેમપાત્ર સાથે હ્રદયની ઐક્યતા બંધાઈ જાય છે, જુદાઈનો ભેદ મટી જાય છે. સોહમનો ભાવ જીવનમાં વણાઈ જાય છે. પ્રેમ એટલે પવિત્ર પ્રશંસા જ્યાં ઉપભોગ નહિ પણ હંમેશા અર્પણ ભાવ જ હોય. પ્રેમ વસે છે સેવામાં, સમર્પણમાં, પ્રશંસામાં (કદર) અને પૂજનમાં.

પ્રેમમાં સહન શક્તિ અને ક્ષમાનો ગુણ છુપાયેલો છે :- દુઃખ, અસુવિધા, એકલતામાં પણ પ્રેમાળ વ્યક્તિ પોતાના પ્રેમમાં જરાપણ ઓટ, અભાવ આવવા દેતી નથી, પ્રેમને વફાદાર રહી પોતાના અહં ભાવને શુધ્ધ કરે છે.

પ્રેમમાં દિવ્યતા, પૂર્ણતા છુપાયેલી છે :- પ્રેમ સભર વ્યક્તિ ક્યારેય પ્રિયજનના દોષ જોઈ શક્તી નથી. પ્રેમ હંમેશા ભીતર વસતા આત્માને જ દેખે છે, દોષને, ખામીને નહિં. પ્રેમસભર વ્યક્તિ જ આત્મ દર્શન કરી શકે છે. સર્વત્ર દિવ્યતાના દર્શન કરે છે અને પ્રેમના ઉત્તુંગ શિખર સર

કરી પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. વ્હાલા બાળકો, મારા નવસિધ્ધાંતો પરમના પ્રેમની અભિવ્યક્તિ જ છે. જીવનના દરેક ક્ષેત્રમાં તેનું આચરણ કરો અને પરમાત્માને પ્રાર્થના કરો કે,

"પ્રેમળ જ્યોતિ પ્રભુજી દાખવી

મુજ જીવનપંથ ઉજાળ...."

ૐ મા ૐ

૨૭-૦૫-૨૦૦૮ વિદેશમાં રહેતા ભક્તો માટે
પૂ.ગુરુદેવનો કાર્યયજ્ઞ અને વિદેશ પ્રવાસ

૨૭-૦૫-૨૦૦૮ વિદેશમાં રહેતા ભક્તો માટે
પૂ.ગુરુદેવનો કાર્યયજ્ઞ અર્થે વિદેશ પ્રવાસ

૨. ભક્તિ - પ્રેમ - સેવા એજ પરમની પૂજા

ગુરૂપૂર્ણિમા ૨૦૦૯ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મિયજનો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે આપ સર્વે ભાવિકોને મારા આશીર્વાદ છે. મનુષ્યજીવનમાં માતાપિતા પ્રથમ ગુરૂ છે. પરમાત્માનું એ તો વ્યક્ત સ્વરૂપ છે. આપે આપના જનકજનનીના ચરણવંદન કરી, તેમની સેવા કરી આશીર્વાદ મેળવ્યાજ હશે. મારા આદેશને અનુસરીને **આપના માતાપિતા અને ઘરના વડીલોને પ્રેમ, હૂંફ આપી સેવા કરવાનો નિયમ ચાલુ જ રાખજો. માતાપિતા અને સદગુરૂની સેવા અને આપણા ઇષ્ટદેવની ભક્તિ કરવી એ આપણું પ્રથમ કર્તવ્ય છે, આપણી આર્યસંસ્કૃતિની શીખ છે.**

આજે પણ દેશ વિદેશમાં અમુક પરિવારોમાં દીકરા, દીકરીઓ, પુત્રવધુઓ માતાપિતા અને વડીલોની સેવા કરતાં, પ્રેમ હૂંફ આપતાં આદર કરતાં જોઉં છું ત્યારે મને આનંદ થાય છે. ઘરના પૂજારૂમમાં ભગવાનની મૂર્તિ સામે મસ્તક નમાવે છે પરંતુ ભક્તિની રીત, મર્મ, હાર્દ નહિ સમજાતાં રસ-રૂચિ દાખવી શકતાં નથી; વળી વ્યસ્ત જીવન અને બાહ્ય દુનિયાના આકર્ષણો ભક્તિના રસને પોષવા દેતાં નથી.

ભક્તિનો મર્મ છે પરમાત્માના સ્વરૂપને પ્રેમ કરવો પરમાત્માને પ્રેમ કરવો, પરમાત્માને પ્રેમ કરવા માટે પરમાત્માના અસ્તિત્વનો સ્વીકાર કરવો પડે. પરમાત્મામાં અતૂટ શ્રધ્ધા હોવી જોઈએ. આપણા પ્રેમને અભિવ્યક્ત કરવા માટે આપણામાં સમ્પૂર્ણ શરણાગત - સમર્પણભાવ હોવો જોઈએ.

પરમાત્મતત્વ આ સૃષ્ટિમાં બે સ્વરૂપે વિલસી રહ્યું છે. એક છે પરમાત્માનું અવ્યક્ત સ્વરૂપ જે આપણે મંદિરોમાં, આપણા ઘરના દેવસ્થાનમાં મૂર્તિ સ્વરૂપે પૂજીએ છીએ. પરમાત્માનું બીજું વ્યક્ત સ્વરૂપ છે જે પરમાત્માનું સૃષ્ટિ સર્જનરૂપ છે. સૃષ્ટિમાં વિલસી રહેલાં માનવો, પશુપંખી, જીવજંતુ, ઝાડ, પાન, વેલા, જેની આપણે યથાશક્તિ સેવા કરીએ છીએ. **પરમાત્માના વ્યક્ત સ્વરૂપમાં આપણા માતાપિતા અને સદગુરૂદેવ પરમાત્માનું સાક્ષાત સ્વરૂપ છે.**

સામાન્ય રીતે પરમાત્માના અવ્યક્ત સ્વરૂપની સ્થાપના મૂર્તિ સ્વરૂપે કે વિશિષ્ટ આકૃતિ સ્વરૂપે ઘરના દેવસ્થાનમાં, મંદિરો, ગુરૂદ્વારા, ચર્ચ, મસ્જીદો વિગેરે સ્થળોએ, તીર્થસ્થાનોમાં કરેલી હોય છે. દરેક વ્યક્તિ પોતાની આસ્થા, સંસ્કાર અને સમ્પ્રદાય અનુસાર વિવિધ રીતે પોતાના ઈષ્ટદેવની ભક્તિ કરતી હોય છે.

દીવો, અગરબત્તી, માળા, મંત્રજાપ, નામસ્મરણ, ભજન, કીર્તન, અનુષ્ઠાન, યજ્ઞ, કથા વાર્તા, વ્રત, તપ, ઉપવાસ, તીર્થાટન, નમસ્કાર,

સાષ્ટાંગ દંડવત, મૂર્તિપૂજામાં વિવિધ ઉપકરણોનો ઉપયોગ-દૂધ, જળ પંચામૃત, બીલીપત્ર, ફૂલ-હાર વિગેરેનો વિશિષ્ટ રૂપે અભિષેક કરવો વિગેરે ભક્તિના-પૂજાના વિવિધ પ્રકારો છે, વિવિધ રીતો છે. વિવિધ કર્મકાંડો, મંત્રોચ્ચાર કરવામાં આવે છે. પરમાત્માની ભક્તિના વિવિધ પ્રકારો, ઉત્સવો, પાછળ કોઈક વૈજ્ઞાનિક તથ્ય છુપાયેલું છે. આપણા પૂર્વજો, ઋષિમુનિઓ વૈજ્ઞાનિક હતા. **આ સ્થૂળ ક્રિયાઓ પાછળ વૈજ્ઞાનિક તથ્ય છે.**

વ્હાલા બાળકો, **આપણા દરેકના હૃદયમાં ભક્તિનું, પ્રેમનું બીજ જન્મની સાથે જ પડેલું છે. ભક્તિ એટલે હૃદયનો ભાવ, હૃદયનો પ્રેમ.** દરેક મનુષ્યમાં જન્મજન્માંતરથી તેના પ્રારબ્ધ કર્મની સાથે સાથે તેના મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર જોડાયેલાં જ છે. સમયાંતરે યોગ્ય અને વિશિષ્ટ વાતાવરણમાં તે પ્રદર્શિત થાય છે, વિકસે છે. **આપણામાં વિશિષ્ટ જ્ઞાન, કળા, રૂચિ, સૂઝ, પ્રેમ-ભક્તિના બીજ સાનુકૂળ વાતાવરણમાં ઉદ્દિપન થાય છે, વિકસે છે.** ભક્તિની ઉપર દર્શાવેલ વિવિધ રીતો, વિવિધ પ્રકારો આપણામાં રહેલાં ભક્તિના બીજને પોષવામાં, અંકુરિત થવામાં મદદ કરે છે, સાંપ્રત સમયમાં ભક્તિને પોષવામાં, અંકુરિત થવામાં મદદ કરે છે. સાંપ્રત સમયમાં ભક્તિનો વૈજ્ઞાનિક મર્મ ભૂલાઈ ગયો છે. આપણી શ્રધ્ધાને અંધશ્રધ્ધાના જાળાં બાઝી ગયાં છે.

આપણા ભક્તિભાવના ઝરણાંને અવિરત વહેતું રાખવા માટે શરૂઆતમાં ભક્તિની વિવિધ પધ્ધતિમાંથી પોતાને અનુકૂળ હોય તે પધ્ધતિ પોતાની ક્ષમતા અને રૂચી અનુસાર નિયમિતપણે ચાલુ રાખવી જોઈએ. મંત્રજાપ અને પ્રાર્થનાનો નિયમ અવશ્ય બનાવવો જોઈએ. **ભક્તિની આ સ્થૂળ ક્રિયાઓ આપણા ભક્તિના બીજને પુષ્ટ કરશે અને સમયાંતરે આપણી સૂક્ષ્મ સમજનો, સૂક્ષ્મ ક્રિયાઓનો વિકાસ કરશે.**

પરમાત્માના અવ્યક્ત સ્વરૂપની આપણા ઈષ્ટદેવના સ્વરૂપમાં આપણે પૂજા, અર્ચના કરી ભક્તિ કરવાનો નિયમ બનાવીએ છીએ તેવીજ રીતે પરમાત્માના વ્યક્ત સ્વરૂપની સમજ કેળવી ભક્તિના રૂપમાં સેવા કરવાની છે.

પરમાત્માનું વ્યક્ત સ્વરૂપ :-

૧. આપણાં માતાપિતા

૨. આપણા સદગુરૂદેવ

3. પરમાત્માની સર્જેલી સૃષ્ટિ જેમાં મનુષ્યો, પશુપંખી, કીટ પતંગ, જીવજંતુઓ, ઝાડ પાન, વૃક્ષ-વેલા વિગેરે. મારા નવસિધ્ધાન્તોમાં પ્રથમ સિધ્ધાંત- "**ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી**" એ પરમાત્માના અવ્યક્ત સ્વરૂપની ભક્તિ છે. **બાકીના આઠ સિધ્ધાંતો :-**

(૧) "નિ:સહાયને સહાય કરવી

(૨) દુ:ખિયોના દિલનાં આંસુડા લૂંછવા

(૩) કોઈની ઈર્ષ્યા કરવી નહિં

(૪) કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિં

(૫) પરનિંદાથી દૂર રહેવું

(૬) પુરૂષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું

(૭) નિ:સ્વાર્થ સેવા કરવી

(૮) અહમનો ત્યાગ કરવો"

પરમાત્માના વ્યક્ત સ્વરૂપની ભક્તિ છે.

પરમાત્માનું વ્યક્ત સ્વરૂપ આપણા માતાપિતા છે. માતાપિતા આપણને જીવન આપે છે. આપણું અસ્તિત્વ તેમને આભારી છે. આપણામાં સંસ્કારોનું સિંચન કરે છે. વાત્સલ્ય વરસાવી આપણા પ્રેમબીજને પુષ્ટ કરે છે. યુવાવસ્થામાં પગભર થતા પહેલા, પ્રેમથી જતન કરી આપણું પાલન પોષણ કરી, સંસારના સુખ ભોગવવાની તેમજ સાચા માનવ બનવાની શિક્ષા, સંસ્કાર આપે છે. પોતે અગવડ વેઠી આપણી સગવડ સાચવે છે.

આપણા માતાપિતાની ઉત્તરાવસ્થામાં - વૃધ્ધાવસ્થામાં કે અસહાય દશામાં તેમને પ્રેમ, હૂંફ આપી, તન, મન, ધનથી ન્યોછાવર થઇ તેમની સેવા કરવી તે જ પરમાત્માના વ્યક્ત સ્વરૂપની ભક્તિ છે. માતાપિતાની વૃધ્ધાવસ્થામાં દીકરા, દીકરી, પુત્રવધુએ આપણા

વડીલજનો કે જેઓનું શરીર સ્વાસ્થ્ય કથળેલું કે રોગગ્રસ્ત હોય, બાળસહજ વૃત્તિઓ, ચેષ્ટાઓ થઇ ગઈ હોય તેમના ભાવયુક્ત માતાપિતા બનવાની જરૂર છે. માતાપિતાનું લાલન પાલન, પ્રેમ, હૂંફ તેમના જીવનનું સંભારણું બની રહેશે. **માતાપિતા અને વડીલજનોના અંતરના આશીર્વાદ પરમાત્માની કૃપાશિષની પુષ્ટિ કરશે.**

પરમાત્માનું બીજું વ્યક્ત સ્વરૂપ સદગુરૂદેવ છે. **સદગુરૂ આપણું જીવન બનાવે છે.** જીવનયાત્રાનું લક્ષ્ય “પરમપ્રાપ્તિનો સરળ, સહજ રાજમાર્ગ બતાવે છે. સંસારયાત્રાને સુપેરે માણવાનો તેમજ સંસારની ફરજોને, સંસારના કર્તવ્યને પૂરી નિષ્ઠાથી પરમની પૂજા સમજીને અદા કરવાની શીખ સમજ આપે છે. સંસારની ફરજો, પોતાનું કર્તવ્ય અને પરમાત્માની ભક્તિનું સમતોલપણું સચવાઈ રહે તેવું માર્ગદર્શન આપે છે. આપણી અંદર બીજ રૂપે રહેલા ભક્તિ, શક્તિ, પ્રેમ તેમજ વિવિધ જ્ઞાન અને કળાઓનો વિકાસ થાય તેવી પ્રેરણા અને માર્ગદર્શન આપે છે. સત્સંગ દ્વારા આપણી આત્મિક શક્તિઓનો વિકાસ કરે છે. **આપણે સાચા, સંનિષ્ઠ શિષ્ય-સેવક બની તન, મન, ધનથી આપણી શક્તિ અને ક્ષમતા અનુસાર આપણા સદગુરૂજીની અને તેમના સેવાયજ્ઞની પૂરી નિષ્ઠાથી સેવા કરવી જોઈએ.”** તેમના આદેશો અને આદર્શોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ. **આપણી વિનમ્ર સેવા એજ સદગુરૂના રૂપમાં પરમાત્માના વ્યક્ત સ્વરૂપની ભક્તિ છે.**

પરમાત્માનું ત્રીજું વ્યક્ત સ્વરૂપ પરમાત્માની જડ ચેતન સૃષ્ટિ છે. જડ સૃષ્ટિ વૃક્ષ, વેલાઓ, જંગલો, બાગબગીચાઓનું જતન કરવું, સંવર્ધન કરવું, સૂર્ય, ચંદ્ર, તારાઓ, ગ્રહો, નક્ષત્રો, સરોવરો, પહાડો, નદી, ઝરણા, સાગરના ઐશ્વર્યને માણવું, તેનો આદર કરવો, દુર્વ્યય થતો અટકાવવો તેમજ તેના સૌંદર્યને, તેના ઐશ્વર્યને જાળવવા પ્રયત્ન કરવો.

પશુ પંખી, જીવ, જંતુ, કીટ, પતંગ આ સૃષ્ટિના અવિભાજ્ય અંગ છે. તેમનું વિવેકયુક્ત જતન કરવું.

આપણા કુટુંબ, પડોશી અને સમાજની વ્યક્તિઓ સાથે સુમેળભર્યો પ્રેમસભર વ્યવહાર દાખવવો. આપણી શક્તિ અને ક્ષમતા અનુસાર તન, મન, ધનથી જરૂરિયાતવાળી વ્યક્તિઓની વિવેકયુક્ત મદદ કરવી, સેવા કરવી, સહાય કરવી.

આપણી અંદર બીજરૂપે રહેલા ભક્તિના - પ્રેમના બીજને ઉદ્દીપન કરવા માટે આપણે વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવીએ તો યુવામાનસમાં સાત્વિક, સમજદારી પૂર્વકનો ભક્તિનો, પ્રેમનો, પરમાત્માના ઐશ્વર્યનો ભાવ જગાવી શકીશું. ભક્તિના પ્રેમના બીજને અંકુરિત કરવા માટે ખેતરમાં વાવેલા પધ્ધતિસરના અનાજના બીજને જેમ યોગ્ય રીતે ખાતર, પાણી, પ્રકાશ, હવા, યોગ્ય માવજત અને રક્ષણ આપી અંકુરિત થવા દઈએ. છોડ બને ત્યાં સુધી તેની સંભાળ લેવી પડે, નકામા ઘાસ, છોડ અને “વીડસ”ને કાઢવા પડે. છોડમાંથી

વૃક્ષ થયા પછી તેની બહુ માવજત કરવી પડતી નથી તેવીજ રીતે ભક્તિના બીજને ખેડ ખાતર પાણીની જેમ આપણી સ્થૂળ ભક્તિની પધ્ધતિથી અંકુરિત થવા દેવું પડે. ભક્તિનો રસ ઉદ્દીપન થાય પછી તેનું સંવર્ધન કરવા માટે સત્સંગ, સ્વાધ્યાય, મંત્રજાપ - નામસ્મરણ, સેવા, પ્રાર્થના, ધ્યાન, શ્રધ્ધા અને શરણાગતિ જરૂરી છે. **ભાવગમ્ય ભક્તિના બીજને વિરાટવૃક્ષમાં પરિવર્તિત કરવા માટે શિસ્ત, સંયમ, ધીરજ અને નિયમિતતા અતિ આવશ્યક છે.**

વ્હાલા બાળકો, ભક્તિનું-પ્રેમનું મૂળ લક્ષ્ય છે પરમાત્માને અને તેની જડચેતન સૃષ્ટિને નિર્વિકાર, નિર્મળ પ્રેમ કરવો, સેવા કરવી, **આપણે આપણા કર્મને પણ ભક્તિ બનાવી શકીએ.** આપણે કોઈપણ ક્ષેત્રમાં કામ કરતા હોઈએ તે કામને આપણી ફરજ, આપણો ધર્મ, પરમની પૂજા સમજીને પૂરી નિષ્ઠાથી કરીશું તો આપણું કામ દીપી ઉઠશે. આપણું કર્મ કર્મયોગ બની જશે. આપણા કાર્યક્ષેત્રમાં આવતા અનિષ્ટ તત્વો ઈર્ષ્યા, નિંદા, લોભ, લાલચ, અહમ, અન્યાય, જેવા દુષણોમાં ફસાઈ ન જવાય કે આપણા કામમાં અડચણરૂપ ન બને તેની સાવચેતી રાખવી જોઈએ. તેને મહત્વ આપવું જોઈએ નહીં. **"પરમાત્મા મારી સાથે જ છે હું એકલો નથી" એવા આત્મવિશ્વાસ સાથે કર્મ કરવાથી પરમાત્માની મદદ, પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે છે. કર્મયોગ પણ ભક્તિ જ છે.** પરમાત્માને પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ છે. સામાન્ય વ્યક્તિને કર્મમાર્ગ અતિસુલભ છે. કર્મને યોગ સાથે જોડી

દેવો અને પરમના પ્યારા બની જવું તે આપણા હાથની, આપણા મનની વાત છે. “પરમાત્મા માટે જ અને પરમાત્મા થકીજ મને સોંપાયેલું કાર્ય હું મારી જાતને એક સાધન માત્ર સમજીને કરી રહ્યો છું.” તેવો ભાવ મનમાં રાખવો જરૂરી છે. **પરમનું સ્મરણ આપણા શ્વાચ્છોશ્વાસમાં ચાલુ રાખવાથી આપણી આસપાસ સાત્વિક કવચ-લક્ષ્મણ રેખા દોરાઈ જશે જે આપણું સદા, સર્વદા, સર્વત્ર રક્ષણ કરતું રહેશે.**

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી





૩. શાશ્વત સેવા યજ્ઞ

ગુરૂપૂર્ણિમા ૨૦૧૧ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

ગાયત્રી માતાજીના વ્હાલા બાળકો,

ગુરૂપૂર્ણિમાના પાવન પર્વે આપ સર્વેનો પ્રેમ મારા પ્રેમ ઉદધિમાં સમાઈ રહ્યો છે. આપની શ્રધ્ધા મારા પ્રેમસાગરમાં વહી રહી છે. આજે પાંત્રીસમી ગુરૂપૂર્ણિમા ઉજવાઈ રહી છે.

પંચમહાભૂત (પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ)થી સર્જાયેલી પરમની આ સૃષ્ટિમાં આપણે પંચમહાભૂતથી બનેલા દેહમંદિરમાં પરમાત્માના બુંદસમ આત્માને વીરાજીત કરીને જીવનયાત્રાને સંસારસાગરમાં વહાવી રહ્યાં છીએ. જીવાનાયાત્રનું મુખ્ય લક્ષ્ય છે પરમાત્માની પ્રત્યેક પળે પ્રેરણા મળતી રહે, અનુભૂતિ થતી રહે અને સ્વરૂપ દર્શન થતાં રહે.

પાંચમી સપ્ટેમ્બર ૧૯૭૬ ની મધ્યરાત્રિએ માતાજીએ માનવસેવાની દીક્ષા આપી - દિશાસૂચન કર્યું અને પ્રત્યેક પળે માર્ગદર્શન આપવાનું ચાલુ રાખ્યું છે. આપના ભૌતિક, સંસારિક પ્રશ્નોમાં યોગ્ય માર્ગદર્શન આપી સુલઝાવવાનો પ્રયત્ન માતાજીના એક માધ્યમરૂપે કરતો રહું છું. સાથે સાથે આપ સર્વેનો આત્મિક વિકાસ થાય, આધ્યાત્મિક પંથના પ્રવાસી બનો, ધર્મના મર્મને બરાબર

સમજો અને જીવનમાં ઉતારો, તેવો પ્રયત્ન હું કરી રહ્યો છું. મેં તમને આધ્યાત્મિક અને ધાર્મિક પ્રસાદ પીરસ્યો છે. જમવું અને પચાવવું પડશે તમારે.

સમગ્ર શાસ્ત્રના જ્ઞાન સમા નવસિધ્ધાંતો, માનવતા વ્રત, સાત્વિક અને સરળ જીવન જીવવાની માસ્ટરકી, સ્વમૂલ્યાંકન, આધ્યાત્મિક યાત્રા, તેમજ સાત્વિક શુધ્ધ આહાર વિહાર અને વ્યવહારની વિધિ દર્શાવી છે. આચરણ કરવું તમારા હાથની વાત છે. ડોક્ટરશ્રી દરદીના દરદનું નિદાન કરીને દવા આપે તેમ માતાજીની પ્રેરણા માર્ગદર્શનથી મેં આપની આધિ, વ્યાધિ, ઉપાધિની સમસ્યાઓને સુલઝાવવાનાં આધાત્મિક ઓસડિયાં આપ્યા છે. પીવાં તો તમારે જ પડશે ને!

"આંખમાંથી અમી વર્ષે,
વાણીમાંથી અમૃત ઝરે,
પ્રેમના પુષ્પો સદાય પમરાતાં રહે,
આખી દુનિયા તેને નમે."

આપણે દુનિયાને ગમીએ તેવો વ્યવહાર આપણો હોવો જોઈએ. આપણો સબંધ પણ પ્રેમના તાંતણે જ બંધાયો છે ને !

પંચમહાભૂતના શરીર સાથે જન્મેલ દરેક વ્યક્તિની જીવનસરિતાના બે કિનારા છે. જન્મ અને મૃત્યુના બે કિનારા વચ્ચે

આપણો જીવન પ્રવાહ વહી રહ્યો છે. ક્યારેક તો સરિતા સાગરમાં સમાઈ જવાની જ છે.

મારી જીવન સરિતા સાગરમાં સમાઈ જાય તે પહેલાં માતાજીએ દીક્ષામાં દીધેલ સેવાધર્મને મારે શાશ્વત બનાવી માનવતાના કાર્યોમાં મારી સેવા સરિતાને સદાય વહેતી રાખવી છે.

"નિલોષાતીર્થ મારી સેવાભૂમિ છે,

શ્રધ્ધાતીર્થ મારી ધડકન છે."

આ બન્ને તીર્થોમાંથી સેવાની સરિતા સદાય વહેતી રહે તેવા શુભ આશયથી માતાજીના આદેશ અને માર્ગદર્શન અનુસાર મેં અમુક વસ્તુઓમાં પ્રાણશક્તિ સંચારિત કરી છે. જેનો ઉપયોગ મારી અનુપસ્થિતિમાં નિ:શુલ્ક સેવા માટે કરી શકાશે.

"રાજયોગીનું ધરા પર હોવું એ માતાજીની આધ્યાત્મિક આતશબાજીને ક્રાંતિ, તે ક્રાંતિની મશાલ માતાજીએ મને સોંપેલ છે."

આના અનુસંધાનમાં મેં માતાજી સાથે છેલ્લા દસેક માસથી પરામર્શ કરવા માડ્યો.. એક સવારે પ્રકાશ પુંજ રેલાયો, હું ચમકી ગયો, આનંદી ઉઠયો, રોમેરોમ રણઝણી ઉઠયું.

માતાજીએ દિશા બતાવી પરંતુ તેનો અમલ કેવી રીતે કરવો તેની વિમાસણ હતી. પ્રયોગ ગુપ્ત રાખવાનો હતો. માતાજીએ પ્રેરણા કરી, ભાવિક ભક્તોની મદદ મળતી ગઈ, સાધનો આવી ગયાં. "મારા

જમણા હાથે જે સેવા કાર્ય કરવાનું છે તે હાથની પ્રતિકૃતિ બનાવવાની છે.”

પ્રતિકૃતિ બનાવનાર કારીગરની સૂચના અનુસાર મારે મારો જમણો હાથ ચાર પાંચ કલાક સુધી સ્થિર રાખીને બેસવાનું હતું. “માતાજીની શક્તિ અને સહાયથી હું ખુરસીમાં જ ચાર પાંચ કલાક મારો જમણો હાથ સ્થિર રાખીને બેસી રહ્યો” અને કારીગરે તેની કામગીરી પૂર્ણ કરી. ચૈત્રી નવરાત્રીના દિવસોમાં મારા જમણા હસ્તની પ્રતિકૃતિ આબેહૂબ તૈયાર થઇ ગઈ. ચૈત્રી નવરાત્રીના દિવસોમાં જ તેને અભિમંત્રિત કરવાની તેમજ પ્રાણ સંચાર કરવાની વિધિ ચાલુ કરી દીધી. જે આસો નવરાત્રીમાં પૂર્ણ થશે.

(૧) પ્રાણ પ્રતિષ્ઠિત મારો જમણો હાથ :-

પ્રાણ પ્રતિષ્ઠિત મારા જમણાં હાથથી નીચે મુજબનું સેવા કાર્ય કરી શકાશે. પૂર્ણિમા - પુનમનું જળ અભિમંત્રિત કરવાનું. જળ અભિમંત્રિત થયા પછી પાંચ સેંકડ સુધી આ હસ્તમાંથી **“ૐ મા ૐ”** ધ્વનિ સંભળાશે. શ્રધ્ધા શરણાગતિ ભાવ જરૂરી રહેશે.

શરીરના પીડિત ભાગ પર હસ્ત પ્રસરાવવો. ચિંતામુક્તિ અને શાંતિ માટે વ્યક્તિના મસ્તક પર હસ્ત ફેરવી શકાશે.

(૨) મારી પાદુકા :-

પાદુકા પર મસ્તક ટેકવી પોતાના દુ:ખ દર્દ મનમાં કહીને પ્રાર્થના કરશે તેને રાહતનો અનુભવ થશે.

(૩) **૧. પ્રથમ ભાલો :-**

સુનામીના શમન માટે વિધિવત ભાલાનો ઉપયોગ ક રવાનો રહેશે.

૨. બીજો ભાલો :-

ધરતીકંપ શમન વિધિ માટે ઉપયોગ કરવાનો રહેશે.

(૪) **અભિમંત્રિત રક્ષા કવચ :-**

અકસ્માત નિવારણ અને પ્રેતાત્મા મુક્તિ માટે તેનો વિધિવત્ ઉપયોગ કરવાનો રહેશે. ઉપરોક્ત વસ્તુઓના શક્તિસંસાર વિધિની પ્રક્રિયા ચાલુ છે જે જાન્યુઆરી ૨૦૧૨ સુધીમાં પૂર્ણ થઇ જશે.

(૫) **દુ:ખ શમન પેટી :-**

ભાવિક ભક્તોની આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી સર્જાતી સમસ્યાઓ એક કાગળમાં **મુદ્દાસર**, **ટૂંકાણમાં** લખીને માતાજી પાસે રાખેલ બંધ દુ:ખ શમન પેટીમાં મુકવી માતાજી આપના પ્રશ્નો વાંચશે અને યોગ્ય તે નિરાકરણ કરશે. કોઈએ આ કાગળો વાંચવા નહિ. મહિનાની છેલ્લી તારીખે આ કાગળો બાળી નાખવાના રહેશે.

આ બધી વિરલ વસ્તુઓનો ઉપયોગ કેવી રીતે કરવો, કોણે કરવો તેની સ્પષ્ટતા કરી દઉં.

મારી અનુપસ્થિતિમાં

(૧) કૈલાસબેન - બહેનજી અથવા

કુસુમબેન - મમ્મીજી તેનો વિધિવત ઉપયોગ કરી શકશે.

(૨) મારા પરિવારના પુરૂષ સંતાનો

શ્રી યોગેશભાઈ - શ્રી કંદર્પભાઈ તથા શ્રી પ્રણવભાઈ તેનો ઉપયોગ કરી શકશે. આ વસ્તુઓના ઉપયોગની વિધિ કરતી વખતે કયા મંત્રો કરવા તે જણાવી દઈશ..

આ વસ્તુઓ કોઈ ચોરી કરીને કે અનઅધિકૃત રીતે લઇ જાય કે વાપરે તો તે કામ લાગશે નહિ.

પાદુકા અને હસ્ત લઈને નિલોષા સેવાતીર્થમાં સવારે બાર થી બે સમય સુધી શ્રી યોગેશભાઈ બેસશે. હસ્ત ટેબલ પર મૂકવો. પાદુકા ખુરસી નીચે આસન પર મુકવી.

મુલાકાતીની ફરિયાદ - તકલીફ અનુસાર અગાઉ દર્શાવ્યા પ્રમાણે તેનો ઉપયોગ કરવો. સાંજે શ્રધ્ધા કુટીરમાં પણ નિયત સમયે આજ પ્રમાણે વિધિ કરવાની રહેશે.

આ વિરલ સેવા કાર્યમાં ભૌતિકતાને કોઈ જ સ્થાન નથી. માતાજી વર્તમાનમાં જે સેવાકાર્ય સંભાળે છે તેમ જ સંભળી લેશે.

મારી અનુપસ્થિતિમાં કોઈ મંદિર કે આશ્રમ બનાવશો નહિ. શ્રધ્ધા અને નિલોષા આ બે તીર્થ સ્થાનો માતાજીની માલિકીના છે એટલે તેને ક્યારેય વેચી શકાશે નહિં. સામૂહિક પ્રયત્નોથી યાત્રાધામ તરીકે વિકસાવવાનો પ્રયત્ન - પ્રયાસ આવકારદાયક, સ્વીકાર્ય ગણાશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે. ૐ મા ૐ

SS

૩૬મી ગુરૂપૂર્ણિમા

૩૬મી ગુરુપૂર્ણિમા

૪. પ્રદુષણને પરાસ્ત કરીએ

ગુરૂપૂર્ણિમા ૨૦૧૨ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે આપ સર્વે શ્રધ્ધાળુ ભાવિકોના હૃદયગોખમાં મારી વાત્સલ્ય સભર પ્રેમગંગા વહાવું છું. પ્રેમગંગામાં સ્નાન કરજો, આચમન કરજો, ડૂબકી મારજો અને આપના મન મહાલયમાં વ્યાપેલા માયાના મેલને સાફ કરજો.

આપણું સ્થૂળ અને સૂક્ષ્મ શરીર પંચમહાભૂતના તત્વો – પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશનું બનેલું છે. બાહ્ય જગત પણ આ પાંચ તત્વોનું જ બનેલું છે. આ પાંચ તત્વોનું સંતુલન અસંતુલિત થાય ત્યારે શરીરમાં અને જગતમાં ઉથલપાથલ થાય, પ્રદુષણ ફેલાય, વિવિધ જાતના વિષાણુઓનો ઉપદ્રવ થાય, રોગ ફેલાય. વ્યક્તિગત અને સામાજિક જીવન વ્યવસ્થા ડહોળાઈ જાય.

આજે આપણે માનવજીવનમા વ્યાપ્ત પ્રદૂષણને સમજવાનો અને સુલઝાવવાનો પ્રયત્ન કરીએ, સામાન્ય માણસમાં કયાકયા દોષો, અશુભ તત્વો જે માનવમનને મલિન બનાવે છે ?

વાસનાઓ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, દ્વેષ, અહંકાર, અસત્ય, અપ્રામાણિકતા, નાસ્તિકતા વિગેરે દોષોનું અસ્તિત્વ આપણા સ્વભાવમાં ક્યારેક ક્યારેક દેખા દે છે.

જન્મજાત આપણો આવો મલિન સ્વભાવ નથીજ, પરંતુ વાતાવરણ, કુસંગ, કુસંસ્કારો વિગેરે પરિબળો આપણા મનમાં રાક્ષસત્વ - દાનવતા જન્માવે છે. આ દાનવતા આપણા શરીર અને મનના પાંચતત્વોની રસાયણ પ્રક્રિયાને અસંતુલિત કરી પ્રદુષણ ફેલાવે છે. કુસંગ, અશ્લિલ અઘટિત સાહિત્ય, વિવિધ ઉપકરણો ટી.વી, મોબાઈલ, ઈંટરનેટ, ફેસબુકનો અવિનય, અતિરેક ઉપયોગ, આપણા વાયુમંડળને પ્રદુષિત કરે છે. આ દુષિત પરમાણુંઓ દ્વારા આપણા સદગુણો અને સુસંસ્કારો દબાઈ જાય છે, દટાઈ જાય છે. મલિન વાતાવરણથી મનમાં અઘટિત વિચારો અને સંકલ્પો જન્મે છે. મન અસ્વસ્થ અને બેચેન બને છે. વ્યક્તિના વાણી, વર્તન, વ્યવહારમાં વિસંગતતા અને વિષમતા વર્તાયા કરે છે, જેની અસર શરીર અને મન પર વર્તાયા કરે છે. સાયકોસોમેટીક રોગો - મનોરોગ લાગુ પડે છે. આવી વ્યક્તિ વિવિધ આગમાં બળતી રહે છે, ઈર્ષ્યાગ્નિ, ક્રોધાગ્નિ, અભિમાનાગ્નિ જેવી વિવિધ અદૃષ્ય અગ્નિમાં બળ્યા કરે છે.

શ્વાચ્છોશ્વાસની પ્રક્રિયા દ્વારા આપણે પ્રાણવાયુ શરીરની અંદર ફેફસામાં ભરીએ છીએ અને ઉચ્છવાસ દ્વારા અશુભ વાયુ કાર્બનડાયોકસાઈડ બહાર કાઢીએ છીએ. હવે આ પ્રાણવાયુની સાથે વાતાવરણમાં પ્રસરેલા વિષાણુઓ, દુષિત વિચારોનું વાયુમંડળ આપણી અંદર પ્રવેશે છે જે આપણા શરીર અને મનને અસ્વસ્થ, દોષયુક્ત, રોગયુક્ત અસર પહોંચાડે છે. તેવી જ રીતે ઉચ્છવાસ દ્વારા

કાર્બન ડાયોકસાઈડની સાથે સાથે આપણા મનના દુષિત વિચારો, રોગના વિષાણુઓ વિગેરે વાયુમંડળમાં અને સંસર્ગમાં આવતી વ્યક્તિઓના શરીર - મનને અસર કરે છે. વાયુનું કાર્ય વહેવાનું છે. શબ્દ અને સ્પર્શ આ બે તેના ગુણ છે. સુગંધના સ્થળેથી સુગંધ લઈ જાય છે અને દુર્ગંધના સ્થળેથી દુર્ગંધ લઈ જાય છે અને હવામાં - વાતાવરણમાં ફેલાવી દે છે. કર્ણપ્રિય સંગીતના સ્વરો અને કર્કશ, અશુભ શબ્દોને પણ દૂરદૂર સુધી પહોંચાડે છે. વ્યક્તિના સારા નરસા ભાવોને, વિચારોને પણ વાયુનું વહેણ મનની અંદર અને બહાર લાવવાનું કાર્ય કરે છે. મનના શુભ અશુભ પરમાણુઓ વાયુમંડળમાં વહેતા રહે છે, અને લોકોના મન પર અસર કરે છે. તેવી જ રીતે આપણા વાણી, વર્તન, વ્યવહાર દ્વારા નિમ્ન કક્ષાના વિચારો વ્યક્ત કરવાથી - અશ્લિલ, અસત્ય, અહિતકારી, અપ્રિય, અપમાનકારી, અહંકારયુક્ત, ક્રોધઝરતી, ભયથી ભરેલી, નાસ્તિકતાનું પ્રતિપાદન કરતી, અભિમાનથી લિપ્ત થયેલ વાણીનો ઉપયોગ વ્યક્તિના મનને અને વાયુમંડળને પ્રદુષિત કરે છે.

આપણા શરીરની કોઇપણ ઇન્દ્રિય દ્વારા વાયુમંડળને દુષિત કરે તેવી ચેષ્ટાઓ કરવી જોઈએ નહિં.

આપણે આપણા સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીરના પ્રદુષણને પરાસ્ત કરવા શું કરીએ ? પ્રદુષણના પ્રકોપને દૂર કરવા શું કરીએ ?

આપણું શરીર આપણા પરમના અંશ એવા આત્માનું નિવાસસ્થાન - મંદીર છે. આપણું મન અને બુધ્ધિ આત્માના પૂજારી છે. ઇન્દ્રિયો આત્માના સેવકો છે. આટલી સમજ કેળવાય તો મંદીરને સ્વચ્છ, સ્વસ્થ અને સુશોભિત રાખવાની જવાબદારીમાં મન અને બુધ્ધિનો સાથ સહકાર મળી રહે. ચેતનતત્વ આત્માની આસપાસ વીંટળાતા માયાના આવરણને ખાળી શકાય, હટાવી શકાય.

પ્રદુષણને પરાસ્ત કરવા માટે અશુભ સંગ અને અશુભ વાતાવરણથી દૂર રહીએ. સજ્જનો, સંતો, સાત્વિક વાતાવરણ અને પ્રકૃતિના સાન્નિધ્યમાં સમય વિતાવવાથી મન શુધ્ધ અને આનંદિત રહેશે. સ્વાધ્યાય, સંતસમાગમ, સદગુરૂનું શરણ જીવનયાત્રાને સાત્વિક માર્ગે વાળે છે. જીવનનું લક્ષ્ય "પરમની પ્રાપ્તિ"નો સાચો રાહ સમજાય છે. **નિયમિત ઉપાસના, મંત્રજાપથી મનના મેલને ધોઈએ, નિયમિત પ્રાર્થના, ધ્યાન, સત્સંગનો નિયમ કરીએ. નિયમિત સ્વમૂલ્યાંકન કરતા રહીએ.** સદગુણો જેવાકે પ્રેમ, દયા, સેવા, સમતા, સરળતા, અહિંસા, દયા, સાત્વિકતાથી જીવનને અલંકૃત કરીએ.

પંચમહાભૂત તત્વોને સંતુલિત રાખવા માટે આહાર, વિહાર, વાણી વર્તન વ્યવહારમાં વિવેક દાખવીએ અને પવિત્રતા જાળવીએ.

પરમની પ્રાપ્તિ માટે જીવનયાત્રા દરમિયાન જ સમસ્ત અસ્તિત્વ અને વ્યક્તિત્વમાં પ્રેમનું સામ્રાજ્ય સ્થાપીએ, ભક્તિમય, પ્રભુમય જીવન બનાવીએ. બુધ્ધિને પવિત્ર, નિર્મળ બનાવીએ, મન વચન અને

કર્મમાં એકરૂપતા અને પવિત્રતા જાળવીએ. નિયમિત ઉપાસના, ધ્યાન, પ્રાર્થના દ્વારા પરમનું સાનિધ્ય કેળવીએ. પરમની કૃપાશિષના અધિકારી બનીએ. સાત્વિક વાયુમંડળથી આંતરબાહ્ય વાતાવરણને સભર કરી દઈએ. પ્રદુષણને પ્રવેશવાનો અવકાશ જ ન રાખીએ.

આપ સર્વે પ્રદુષણમુક્ત શુધ્ધ સાત્વિક જીવન જીવવાનો અભિગમ અપનાવો તેવા આશીર્વાદ સહ.

ॐ મા ॐ

ૐ મા ૐ
પરમ શકિત
પ્રાણશકિત સંચાર વિધિથી પુરું કરી.
કલ્યાણ

ૐ મા ૐ
તા.: ૧૩-૦૧-૧૨ અને ૧૪-૦૧-૧૨
પ્રાણશક્તિ સંચાર

૩૭ મી ગુરુપૂર્ણિમા
તા.: ૦૩-૦૭-૨૦૧૨
ૐ મા ૐ

ॐ મા

ૐ મા ૐ
પરમ શક્તિ

૫. પ્રેમનો રાજમાર્ગ તો મેં કંડારી આપ્યો છે

ગુરૂપૂર્ણિમા ૨૦૧૩ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

મારા બાગના મઘમઘતા ગુલાબના ફૂલો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે આપ સર્વે ભાવિકોની પ્રેમ પોટલીને મારી હૃદયગુહામાં વહેતા પ્રેમરસમાં સમાવિષ્ટ કરૂં છું. સાડત્રીસ વર્ષનો આપણો પ્રેમસબંધ આપના જીવનમાં પ્રેમની પેદાશ વિકસાવવામાં પ્રેરણા પ્રદાન કરી શકયો જ હશે. પ્રેમનો રાજમાર્ગ તો મેં કંડારી આપ્યો છે. આ રાજમાર્ગ પર પ્રયાણ કરવાનો, ચાલવાનો, દોડવાનો પ્રયત્ન અને પુરૂષાર્થ તો આપને કરવો જ પડશે ને !

આપણું મન આપણા સાત્વિક પ્રયત્નમાં સહભાગી બને, સાથ આપે તે રીતે આપણે મનને કેળવવું પડશે. આપણે મનની સૃષ્ટિને સમજીએ.

આપણું મન વિચારોનું વાહક છે, સૂક્ષ્મ શરીરનું એક ઘટક છે તે દેખાતું નથી પરંતુ સતત કાર્યાન્વિત રહે છે. આપણા મનની ત્રણ અવસ્થાઓ છે.

(૧) જાગૃત મન,

(૨) અર્ધ જાગૃત મન,

(૩) સુષુપ્ત મન.

આ ઉપરાંત સૂક્ષ્મ શરીરના અન્ય ઘટકોમાં બુધ્ધિ, ચિત્ત અને અહંકારનો સમાવેશ થાય છે.

આપણું કારણ શરીર પ્રાણતત્વ, આત્મતત્વનું દ્યોતક છે.

જાગૃત મન :- સાત્વિક, અસાત્વિક વાતાવરણથી પ્રભાવિત થાય છે. આસક્તિ, અનાસક્તિ પણ જાગૃતમનની પેદાશ છે. ઇન્દ્રિયોનો બહેકાવ કે નિયંત્રણ જાગૃત મનના વિવેક પર, વાતાવરણ પર, સંસ્કાર પર, સત્સંગ પર અવલંબિત રહે છે.

અર્ધ જાગૃત મન :- આજ્ઞાંકિત સેવકની જેમ જાગૃત મનના આદેશોને અનુસરે છે. આપણું અર્ધજાગૃત મન શરીરના અણુએ અણુમાં પ્રવેશી મનના આદેશોને કાર્યાન્વિત કરવામાં સહાયક બને છે, મહત્વનો ભાગ ભજવે છે. આપણુ સકારાત્મક અને સાત્વિક મનોબળ આપણા સાયકોસોમેટીક રોગોને નિર્મૂલન કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

સુષુપ્ત મન :- સ્વપ્નાવસ્થામાં, તંદ્રાવસ્થામાં તેનો પ્રભાવ બતાવે છે. વર્તમાન, ભૂતકાળ, ભવિષ્યકાળ, પૂર્વજન્મોના સબંધો, બનાવો, ઘટનાઓ, હકીકતોનું સ્પષ્ટ કે અસ્પષ્ટ ચિત્ર કે સંકેત દર્શાવે છે.

બુધ્ધિ :- સાત્વિક વાતાવરણ, સુશિક્ષણ અને સત્સંગથી પ્રભાવિત થયેલી હોય તો તેમાં વિવેકનું તત્વ ભળે છે જે મનના વિચારોને ગાળે છે. સારાસારનો વિચાર કરી મનને સન્માર્ગે દોરે છે. બુધ્ધિના વિવેકથી વ્યવહારમાં, કાર્યોમાં, સબંધોમાં સમતોલપણું સદભાવના જળવાઈ રહે છે.

ચિત્ત :- સૂક્ષ્મ શરીરનું આ ઘટક યાદોનું, કર્મોનું સંગ્રહસ્થાન છે. આપણું ચિત્ત જ ચિત્રગુપ્તનો ચોપડો છે. આપણું ચિત્ત કોમ્પ્યુટરની ફ્લોપી જેવું છે. વિસરાઈ ગયેલી હકીકત યાદ કરતાં માનસપટ પર આવી જાય છે. જેવી રીતે કોમ્પ્યુટરમાં કે લેપટોપમાં ક્લીક કરતા જરૂરી માહિતી સ્ક્રીન પર આવી જાય છે.

અહંકાર :- સ્વભાવ, સ્વમાન, ઈગો, ગમો, અણગમો, ભાવતું, નભાવતું વિગેરે હકીકતો આપણા વ્યક્તિત્વ સાથે જન્મથી જ જોડાયેલી રહે છે. વાતાવરણ, સંસ્કાર, સમજણ, શિક્ષણ અને સત્સંગ દ્વારા તેમાં પરિવર્તન લાવી શકાય છે.

આપણું સૂક્ષ્મ શરીર અને કારણ શરીર જન્મજન્માંન્તરથી જીવાત્મા સાથે જોડાયેલું જ રહે છે. આપણા કર્માનુસાર જન્મ અને જીવન દરમિયાન તેનો પ્રભાવ અનુભવાતો રહે છે. મનુષ્યેતર યોનિમાં જીવાત્માએ પ્રારબ્ધ કર્મ ભોગવવું પડે છે. પરંતુ આ યોનિમાં નવું કર્મ બંધાતું નથી. પ્રકૃતિ અનુસાર જીવન જીવાતું જાય છે.

મનુષ્યયોનિમાં આપણા પ્રારબ્ધ કર્મ અનુસાર સુખ, સગવડ, સગાં સહોદર, શરીર સ્વાસ્થ્ય વિગેરે મળ્યાં હોય અને ભોગવતાં હોઈએ, પરંતુ મનુષ્યયોનિમાં આપણે સારા, નરસા, શુભ, અશુભ કર્મોના બંધનમા બંધાતા જઈએ છીએ જે આપણું સાત્વિક કે અસાત્વિક સંચિત અને પ્રારબ્ધ કર્મ નિર્માણ કરે છે. **મનુષ્યયોનિમાં આપણે અનાસક્ત ભાવે સાત્વિક કર્મો કરવાનો આગ્રહ રાખીએ,**

આપણા કાર્યમાં નૈતિકમૂલ્યોનું પ્રતિપાદન કરી, પરમની પૂજા સમજીને આપણું કાર્ય કરીએ તો આપણે કર્મબંધનમાંથી મુક્ત રહી શકીએ.

માયાના આવરણમાંથી મુક્ત રહેવા માટે નિયમિત ઉપાસના, સત્સંગ, સ્વાધ્યાય, ધ્યાન, પ્રાર્થનાનો નિયમ જાળવી રાખવો જરૂરી છે જે એક રક્ષણાત્મક કવચનું કામ કરશે. આ બધાં સૂક્ષ્મ શરીરના પોષક તત્વો છે, જેનું નિયમિત સેવન આત્મતત્વની સમીપ જવામાં, આત્મતત્વને આત્મસાત કરવામાં પ્રેરકબળ બની રહે છે.

વ્હાલા બાળકો, મારે આપનામાં રહેલાં ગુરૂતત્વને જાગૃત કરવા છે, કાર્યાન્વિત કરવા છે, વિકસાવવા છે, ઉર્ધ્વગામી કરવા છે. આપનો સહકાર, પુરૂષાર્થ અને પરમશક્તિ મા ભગવતીની કૃપાશિષથી મારી મહેચ્છા ફળીભૂત થશે તેવી મને શ્રધ્ધા છે.

ગુરૂપૂર્ણિમાના પવિત્ર માહોલમાં આપણે સંકલ્પ કરીએ કે આપણે આપણા સ્થૂળ અને સૂક્ષ્મ શરીરના પ્રત્યેક ઘટકોને પરમના પ્રદેશમાં સત્યમ્, શિવમ્, સુંદરમના પ્રદેશમાં જ કાર્યાન્વિત કરવાનો, વિહરવાનો આગ્રહ રાખીએ.

આપણી જીવનયાત્રાનો જે કોઈ સમય રહ્યો હોય, જે કોઈ પડાવ પર આપણે પહોંચ્યા હોઈએ ત્યાંથી જ આપણામાં રહેલા સાત્વિક તત્વ, પ્રેમતત્વ, ગુરૂતત્વને વિકસાવીએ, ઉર્ધ્વગામી બનાવીએ, આપણે સદાય વર્તમાનમાં અને આનંદમાંજ જીવીએ, વિચારીએ, કર્મ કરીએ અને પરમની નજદિક (Orbit)માં જ રહીએ. પરમનો પ્રેમ, પ્રકાશ,

સદાય આપણા પર પથરાતો રહે, વરસતો રહે, તેવા સાત્વિક, સત્સંગી વાતાવરણમાંજ રહેવાનો આગ્રહ રાખીએ.

"પોઝીટીવ લીવીંગ, પોઝીટીવ થીન્કીંગ, પોઝીટીવ એકટીંગ" – સકારાત્મક જીવન, સકારાત્મક વિચાર, સકારાત્મક કર્મ એજ આપણી જીવનયાત્રાનું ધ્યેય બની રહેવું જોઈએ. સ્વસ્થ શરીર, સ્વસ્થ મન અને સ્વસ્થ પ્રાણતત્વ આપણામાં રહેલા ગુરૂતત્વ જેવાં કે સદગુણો, સુસંસ્કાર, સુવિચાર, જ્ઞાન, વિજ્ઞાન, કળા, આધ્યાત્મિકતા, માનવતા, નૈતિકતાને વિકસાવવામા ઉજાગર કરવામાં મહત્વના પૂરક અને પોષક તત્વ સમ બની રહેશે.

વ્હાલા બાળકો, આપ સર્વે તટસ્થપણે આપના મનનું સ્વમૂલ્યાંકન કરતા જ રહો. નિષેધાત્મક વાતાવરણમાં, માયામાં કદાચ ફસાયા હો, લપટાયા હો, તો સાવધાન બની જજો. બહાર આવી જજો.

નિયમિત ઉપાસના, મંત્રજાપ, અજપાજપ, પ્રાર્થના, ધ્યાન, સ્વાધ્યાય, સત્સંગ, સેવાનો નિયમ જાળવી રાખજો. મનમાં વ્યાપેલી મલિનતાને દૂર કરવાનો, સાત્વિકતા, સદગુણોનું સામ્રાજ્ય પ્રસરાવવાનો આ જ એક માત્ર ઉપાય છે.

નવસિધ્ધાંતોનું આચરણ

માનવતા વ્રત

બાળ સહજ પ્રાર્થના

આધ્યાત્મિક યાત્રાનો ક્રમ જાળવી રાખજો.

એક લૌકિક માતાપિતાને પોતાના બાળકો સુસંસ્કારી, સુશિક્ષિત, સેવાભાવી, સત્સંગી અને તેજસ્વી બને તેવી અંતરની ભાવના હોય છે. તેમની આ ઉચ્ચ ભાવના ફળીભૂત થાય તો તે માતાપિતા આત્મગૌરવની લાગણી અનુભવે છે. ખુશ થાય છે. તેવી જ રીતે એક અધ્યાત્મિક પિતા – ગુરૂદેવ પોતાના ભક્ત – ભાવિક બાળકો નૈતિક મૂલ્યોનું પ્રતિપાદન કરે, સુસંસ્કારી, સેવાભાવી, માનવતાવાદી, પ્રભુપરાયણ જીવન જીવે, તો તેને સદગુરૂ પોતાનું અહોભાગ્ય સમજે છે. ગૌરવની લાગણી અનુભવે છે.

મને વિશ્વાસ છે કે મારા ચાહકો, ભાવિકો, આપના ગુરૂતત્વને વિકસાવશે અને અન્યના જીવનમાં પ્રેરણાનો પ્રકાશ પાથરશે. માનવતા મહેંકાવશે. મારી આશાનું - વિશ્વાસનું બળ આપ સર્વે બની રહેશો તેવી શુભ ભાવના સહ...

ૐ મા ૐ

૬. જીવન પરિવર્તનનું પર્વ ગુરૂપૂર્ણિમા

ગુરૂપૂર્ણિમા ૨૦૧૪ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

ગુરૂપૂર્ણિમાના આડત્રીસમાં ઉત્સવમાં આપ સર્વે ભાવિકો ભાવગંગામાં ભીંજાતા ભક્તિરસનું રસપાન કરતા, આપના પ્રેમસ્પંદનો મારા અસ્તિત્વને પુલકિત કરી રહ્યાં છે. **આજનો મંગલદિવસ આપનો આધ્યાત્મિક જન્મદિવસ કહેવાય.** આપ સર્વે ધર્મ અને આધ્યાત્મિક પંથના યાત્રીઓ બની રહો અને આપના જીવન ધ્યેયને હાંસિલ કરવા સાત્વિક પુરૂષાર્થ કરતા રહો તેવા મારા આશીર્વાદ છે.

આજના શુભ દિવસે સદગુરૂદેવના ભાવજગતમાં નવા ભાવિકો પદાર્પણ કરે છે અને સીનીયર (જૂના) ભાવિકો આત્મિક વિકાસનું મૂલ્યાંકન કરી જીવનયાત્રાને પરમના પ્રેમ પ્રદેશમાં ગતિ કરાવી રહ્યા છે.

ગુરૂપૂર્ણિમાનો મહિમા સદગુરૂદેવના દર્શન, ચરણવંદના અને આશીર્વાદમાં જ સિમિત થઈ જતો નથી. પૂર્ણિમાના ચંદ્રની જેમ આપનું જીવન પણ પૂર્ણ રીતે ખીલી રહે, વિકાસ પામતું રહે. તેવો સંકલ્પ કરવાનો મહિમાં દિવસ છે.

મારી દ્રષ્ટિએ અને મારા મંતવ્ય અનુસાર ભાવિક ભક્તોએ ગુરૂપૂર્ણિમાના પાવન દિવસે નૂતન જીવન માટે નીચે દર્શાવ્યા પ્રમાણે સંકલ્પબધ્ધ થવાનું છે.

૧. જીવન પરિવર્તન કરવાનું છે. નૂતન જીવન પ્રાપ્ત કરવાનું છે.
૨. ગુરૂતત્વને આત્મસાત કરવાનું છે. સદગુરૂદેવના આદેશો અને આદર્શોને વ્યવહાર જગતમાં અપનાવવાના છે.
૩. આત્મચેતનાને જાગૃત કરવાની છે અને ઉર્ધ્વગામી બનાવવાની છે.
૪. જીવનના કલ્મશને વિદારવાનો અને સાત્વિકજ્ઞાનના પ્રકાશને આત્મસાત્ કરવાનો છે.
૫. જીવનયાત્રાને ધર્મમય બનાવવાની છે.
૬. આધ્યાત્મિક પંથે ગતિ - પ્રગતિ કરવાની છે.
૭. જીવને શિવમય બનાવવાનો છે.

વ્હાલા બાળકો, અનન્ય શ્રધ્ધા અને સંપૂર્ણ શરણાગતિની સાથે સાથે નવસિધ્ધાંતોને જીવનમાં અપનાવવાનો પુરૂષાર્થ ચાલુ રાખીશું તો નૂતન જીવનમાં પરમાત્માની પરમશક્તિનું બળ પ્રાપ્ત થતું જ રહેશે.

પરમમય બનવાના જીવનના ધ્યેયને આત્મસાત કરવાનો રાજમાર્ગ તો મેં કંડારી આપ્યો છે. આપનું જીવન ધર્મમય બને, આપ આધ્યાત્મિક પંથના યાત્રી બનો તેવી સાત્વિક જીવનશૈલી અપનાવવાનો

અનુરોધ હું કરતો જ રહું છું. આપના જીવનવ્યવહારમાં તેનું આચરણ કરવાનો સંકલ્પ અને પુરૂષાર્થ તો આપે કરવો જ પડશે ને ?

ધર્મમય જીવન એટલે શું ?

ધર્મમય જીવનમાં પોતાના ઈષ્ટદેવમાં સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ પાયાની જરૂરિયાત છે, આપણી ફરજ પ્રત્યેની નિષ્ઠા અને નૈતિકમૂલ્યોનું પ્રતિપાદન ધર્મમય જીવનનું એક અંગ છે. આપણા ઈષ્ટદેવની પૂજા, અર્ચના વિધિવિધાન, ભજન, કીર્તન, દર્શન વિગેરે આયામોમાં જ ધર્મ સીમિત થઈ જતો નથી.

આપણા વ્યક્તિત્વમાં અને જીવનવ્યવહારમાં સદગુણોનો વ્યાપ વધે, સંતોષ, સહનશીલતા, ક્ષમા, સંયમ, સર્વધર્મ સમભાવ, સત્ય, પ્રેમ, કરૂણા અને સેવાના ગુણો વિકસે ત્યારે જ આપણે ધાર્મિક કહેવાઈએ, ધર્મમય જીવનના અધિકારી બની શકીએ.

આધ્યાત્મિકતા એટલે શું ?

ધર્મમય જીવનમાંથી જ આધ્યાત્મિકતાનો આવિર્ભાવ થાય છે. પરમની સૃષ્ટિના પ્રત્યેક જડચેતન સર્જનમાં આત્મભાવ જાગે, સર્વ પ્રત્યે પ્રેમ, દયા, કરૂણા અને સેવાનો ભાવ જાગે, આત્માનો અન્ય જીવનના આત્મા સાથે આત્મીયભાવ પ્રસ્થાપિત થાય, સ્વજનનો ભાવ વિકસે અને પરાયાનો ભાવ નાબુદ થઈ જાય, સમત્વનો ભાવ જાગે. વિશ્વબંધુત્વની ભાવના કેળવાય, ત્યારે જ આપણે આધ્યાત્મિકતાને આત્મસાત કરવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ તેમ કહી શકાય.

સત્ય, પ્રેમ, કરૂણા અને સેવાના આભૂષણો સાથે આપ સર્વે નૂતનજીવનને શોભાયમાન અને ગૌરવવંતુ બનાવો તેવા શુભાષિશ સાથે... **ૐ મા ૐ**

પ્રેમી બનીને આવ્યો છું, પ્રેમ કરતો રહીશ.

દુનિયાના સર્વ દુઃખોને, દૂર કરતો રહીશ.

ખેલતો રહીશ, કુદતો રહીશ, આધ્યાત્મિક ક્રાંતિ સર્જતો રહીશ,

દુનિયાના સર્વ દુઃખોને, દૂર કરતો રહીશ.

૩૮મી ગુરુપૂર્ણિમા
તા : ૧૨-૦૭-૨૦૧૪

मा

૭. રાજ ગુરૂતત્વ એક ઘૂઘવતો સાગર છે

ગુરૂપૂર્ણિમા ૨૦૧૫ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે ગુરૂપ્રેમગંગાના પ્રવાહમાં સ્નાન કરવા માટે, પવિત્ર થવા માટે, મનના મેલને મીટાવવા માટે આપ સર્વેને આમંત્રું છું.

માતાજીના આદેશ અને પ્રેરણાથી આયોજાયેલ મારી આધ્યાત્મિક જીવનયાત્રાનું ગુરૂતત્વ આજે આડત્રીસ વર્ષ પૂર્ણ કરી ઓગણચાલીસમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે.

મહાભારતના રણસંગ્રામવેળાએ શ્રીકૃષ્ણજી પાંડવોના સહાયક, માર્ગદર્શક બન્યા અને યુધ્ધમાં અર્જુનના રથના સારથી બન્યા. વિષાદયુક્ત અર્જુનના મોહને, ગ્લાનિને દૂર કરવા ભગવાન શ્રીકૃષ્ણજીએ ગીતાજ્ઞાન દોહરાવ્યું, જીવનની વાસ્તવિકતા સમજાવી અને કર્મમાર્ગમાં પ્રવૃત્ત કર્યો. જીવનનો મર્મ અર્જુનજી સમજ્યા અને વિજયશ્રીને વર્યા.

મારા વ્હાલા બાળકો, આપ સર્વે પણ અર્જુનના પાત્રમાં જ છો. જીવનની અને સંસારની સમસ્યાઓથી ઘેરાયેલા છો. આપના સદગુરૂજીને આપના જીવનરથના સારથી બનાવીને સમસ્યાઓને સુલઝાવવી છે. જીવનના હાર્દને સમજવું છે. પરમના પ્યારા બાળ

બનવું છે, વળી જીવન છે ત્યાં સુધી જીવનયાત્રાને માણવી છે, સદગુણો અને સાત્વિકતાથી સભર કરવી છે.

અઢાર દિવસના મહાભારતના યુધ્ધ પછી પાંડવોને વિજયશ્રી અપાવી શ્રીકૃષ્ણજી નિજધામ દ્વારિકા પધારી ગયા અને પોતાના રાજકાર્યમાં પ્રવૃત્ત થયા. શ્રીકૃષ્ણજી ગીતાજીનો અમરગ્રંથ માનવ સમાજને આપી ગયા.

છ સપ્ટેમ્બર ૧૯૭૬ થી મા ભગવતી મારા સમર્થ સદગુરૂદેવના માર્ગદર્શન અને પ્રેરણાથી સંસારના સમરાંગણમાં, વિષાદના વમળમાં જીવનની ઝંઝાવાતોમાં ફસાયેલા, રોગ શોકથી રીબાતા, પ્રાકૃતિક, અપ્રાકૃતિક ઉલઝનોથી ઘેરાયેલા માનવીઓની સમસ્યાઓ સુલઝાવવાની, ઝંઝાવાતોનું શમન કરવા આધ્યાત્મિક માર્ગદર્શન, શક્તિપ્રદાન સારવાર, દિવ્ય રસાયણો આપું છું. **જીવનજળ શ્રધ્ધાળુઓના જીવનમાં અમૃત સંજીવનીનું કામ કરે છે.**

નવસૂત્રોનું આચરણ, નિ:સ્વાર્થ સેવા અને પરમની કૃપા દ્વારા દર્શાવેલ આદેશોનું અક્ષરસઃ પાલન કરવાથી વ્યક્તિ જીવનમાં રાહત અનુભવે છે સફળતા પ્રાપ્ત કરે છે.

ગીતાજીના સારરૂપ **નવસિધ્ધાંતોનું આચરણ સંસારસાગરમાં તરવાની, પાર ઉતરવાની નાવ છે.** મા ભગવતીને કે આપના ઈષ્ટદેવને આપની જીવન નાવના ખેવૈયા - નાવિક બનાવજો, અર્જુનની જેમ

પ્રેરણા, આદેશ અને માર્ગદર્શનનું અક્ષરસઃ પાલન કરજો સફળતા મળશે જ.

મહાભારતના યુધ્ધ પછી યુધિષ્ઠિરજીએ ભીષ્મપિતામહને વિનમ્રતાથી પૂછ્યું કે "અમે પાંડવો વિજયશ્રીને તો વર્યા પરંતુ પુરૂષાર્થ અને ભાગ્યમાં શ્રેષ્ઠતા કોની?" પિતામહે કહ્યું કે "વત્સ, પુરૂષાર્થ ભાગ્યને અનુસરે છે પરંતુ પુરૂષાર્થ વિના ભાગ્ય પાંગળું છે." વળી દૈવી કૃપા હોય તો પણ પુરૂષાર્થ તો જરૂરી છે. દા.ત. ભાગ્યબળે કે દેવકૃપાથી આપણને ભાવતા ભોજનનો થાળ મળે પરંતુ વાનગીઓ જમવાનું, પચાવવાનું કામ તો આપણે જ કરવું પડે ને !

દીવામાં તેલ - ઇંધણ ખૂટી જતાં દીવો બુઝાઈ જાય છે તેવી જ રીતે કર્મ પૂરું થતાં ભાગ્યની સક્રિયતા, દૈવી કૃપા ઘટી જાય છે, ઓસરતી જાય છે.

જીવનમાં સાત્વિક પુરૂષાર્થ દ્વારા સાત્વિક પ્રારબ્ધનું નિર્માણ કરવાનું છે અને દૈવી કૃપાના અધિકારી બનવાનું છે. આપણે અર્જુન જેવા સાત્વિક, સરળ, જિજ્ઞાસુ, આજ્ઞાકારી બનવાનું છે. "કરિષ્યે વચનમ્ તવ" "આપના આદેશને હું અનુસરીશ." અર્જુનજીએ શ્રીકૃષ્ણજીના વચનોમાં વિશ્વાસ રાખી જીજ્ઞાસા સંતોષી વિષાદને ત્યજીને પોતાના ક્ષત્રિયધર્મમાં પ્રવૃત્ત થયા.

મારો એક ભાવ પણ હું આજે પ્રગટ કરું છું.

ગુરૂપૂર્ણિમા વર્ષમાં એક જ વખત આવે છે, પરંતુ બાકીની અગિયાર પૂર્ણિમા દરમહીને એક વખત આવે છે. ગુરૂપૂર્ણિમાના દિવસે સદગુરૂજીના જ્ઞાનથી પ્રજ્જવલિત થયેલી - સતેજ થયેલી - સંકોરાયેલી આપણી જ્ઞાનની જ્યોત બાકીની અગિયાર પૂર્ણિમાએ પણ પ્રજ્જવલિત રહેવી જોઈએ. આ જ્ઞાન શિખા આપણા જીવનને આધ્યાત્મિકતાના ઉત્તુંગ શિખરો સર કરવામાં સહાયરૂપ બને. આપણે અન્યના જીવનમાં જ્ઞાનનો, પ્રેમનો, દયાનો, અહિંસાનો પ્રકાશ પાથરવાની ક્ષમતા કેળવીએ.

આપણે જ આપણો દીપક બનીએ. સત્સંગ અને સાત્વિક જ્ઞાનનું ઇંધણ પૂરતા રહીએ અને શ્રધ્ધા શરણાગતિ અને ઉપાસનાના સહારે જીવન નાવને પરમાનંદના પ્રદેશમાં લાંગરીએ.

સેવાયજ્ઞની શરૂઆતથી જે ભાવિક ભાઈ બ્હેનો બાળકો મારા સાનિધ્યમાં અને સત્સંગમાં છે તેમનામાં ધાર્મિક, આધ્યાત્મિક અને વૈચારિક પરિપક્વતા આવી જ હશે. વાણી વર્તન વ્યવહારમાં, આહાર વિહારમાં પરિવર્તન આવ્યું જ હશે. નિયમિત ઉપાસના, પ્રાર્થના, સકારાત્મક વલણ, સેવાનો નિયમ જાળવી રાખ્યો હશે!

આપ સ્વયમ્ આપના ગુરૂ બનો. અંતરનો અવાજ, પ્રેરણા, માર્ગદર્શનને અનુસરો. આપની સમસ્યાઓ જાતે જ સુલઝાવો. સદગુરૂનું શરણ, સ્મરણ, દર્શન અને પરમની કૃપાના અધિકારી બની રહો.

થોડા વર્ષોથી ગુરૂતત્વની પરિધમાં જોડાયેલા ગુરૂભાવિકોને હું એક સંદેશો દોહરાવું છું. જેની ધાર્મિક અને અધ્યાત્મિક ગતિ સ્થગિત થઇ ગઈ છે તેવા જૂના ભાવિકો માટે પણ આ સંદેશો છે.

હતી આષાઢી પૂર્ણિમા ૧૯૭૭ તણી,
હતી એ પ્રથમ ગુરૂપૂર્ણિમા માના બાળતણી,
સૂર્ય ચંદ્ર ફરતા રહે, જીવન વિકાસ થતો રહે
બીજ બોદાય, પાલન પોષણ થાય,
ઘેઘુર વૃક્ષ લહેરાય.
આજે યૌવનના શણગાર સજી,
રૂમઝુમતી આવી ગુરૂપૂર્ણિમા,
નફા ખોટનું સરવૈયું
આડત્રીસ વર્ષતણું,
શું પ્રાપ્ત કીધું આ જીવન મહીં ?
ખાધું પીધું મોજ કરી
જીવન વ્યતિત કર્યું
એ સંદેશો નથી મુજતણો.
મુજ સંદેશો દોહરાવું આજ ફરી ફરી
જીવન વિકાસ કરો
આત્મિક ઉન્નતિ કરો,
પ્રેમને પોષતાં રહો
સાત્વિક્તાને શણગારતા રહો
પ્રથમ બનો સાચા માનવ
મહામાનવ બનવાનો
પુરૂષાર્થ કરતા રહો.

વ્હાલા બાળકો,

જીવી રહ્યો છું

તમારા પ્રેમભર્યા

અશ્રુઓ પીને

એ જ મારી અમૃત સંજીવની.

આ એક ઘૂઘવતો, ઉછળતો

સાગર છે.

એને સીમાઓ નથી

એનાં ઉછળતા મોજાંઓ

દરેક હૈયાને સ્પર્શે છે,

ભીંજવે છે.

વ્હાલા ભાવિકો,

"મારામાં રહેલું ગુરૂતત્વ

એક ઘૂઘવતો સાગર છે"

આ રાજસાગરમાં પરમતત્વની અસંખ્ય, અમૂલ્ય આધ્યાત્મિક સંપત્તિ છુપાયેલી છે. મરજીવા બની શોધવાનું, ડૂબકી મારવાનું સાહસ કરજો.

માનવ, મહામાનવ, દેવમાનવ બનવાનો રાજમાર્ગ મળી જશે. પરમને પામવાની ક્ષિતિજો વિસ્તરતી વર્તાશે. પરમના ઐશ્વર્યને પામી જવાશે.

રાજસાગરની ગેહરાઈમાં ડૂબકી મારવાની હિંમત ન હોય તો નાસીપાસ ન થશો. પ્રાથમિક ધોરણે આટલું તો અવશ્ય કરજો જ.

૧. નવ સિધ્ધાંતનું આચરણ અવશ્ય કરજો.

૨. વાણી વર્તન વ્યવહારમાં એકરૂપતા લાવજો.

૩. જીવન વ્યવહારમાં સાત્વિકતા અને નૈતિકતાને જરૂર અપનાવજો.

૪. આપના જે તે કાર્યક્ષેત્રમાં પરમની પૂજા સમજી પૂરી નિષ્ઠાથી જવાબદારી નિભાવજો. કર્મયોગી બનવાનો આગ્રહ રાખજો.

૫. ઉપાસનાનો નિયમ જાળવજો.

પરમાત્માને સમય આપજો, પરમાત્મા તમને સર્વસ્વ આપશે.

આશીર્વાદ

ૐ મા ૐ

શ્રીરાજ ચરણ
પૂજ્ય શ્રીરાજ પદ્મ પરાગ

૮. આટલું અવશ્ય કરો અને શિવમય બની રહો

ગુરૂપૂર્ણિમા ૨૦૧૬ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે આપ સર્વે સ્વજનો પર મારા દિવ્ય વાત્સલ્ય વરસાવતાં હું આનંદ અનુભવી રહ્યો છું. ૧૯૭૭ના વર્ષની પ્રથમ ગુરૂપૂર્ણિમાથી આપણે આધ્યાત્મિકતાના રાજમાર્ગ પર યાત્રા કરી રહ્યાં છીએ.

વ્હાલા બાળકો, આપે આપની હૃદય ગુહામાં મને ગુરૂપદે અથવા આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સ્થાપ્યો હોય તો આપનો આધ્યાત્મિક ઉત્કર્ષ થાય અને આપની જીવનયાત્રા ધર્મયાત્રા બની રહે અને સંસાર સાગરમાં નિર્વિઘ્ને ગતિશીલ થતી રહે તેવી મારી અંતરની ભાવના છે.

મારી આ ભાવનાને ચરિતાર્થ કરવા માટે આપ આટલું તો અવશ્ય નિયમિતરૂપે અપનાવો જ.

૧. મારા નવ સિદ્ધાંતોનું આચરણ

૨. મન, વચન, કર્મની પવિત્રતા

૩. સિદ્ધાંત ચતુષ્ટય – પ્રેમ, જ્ઞાન, સહન અને ક્ષમા માર્ગ અપનાવી જીવન મંગલમય બનાવો

૪. નિયમિત ઉપાસના- મંત્રજાપ, પ્રાર્થના, ધ્યાન અને સ્વાધ્યાય

૫. નિયમિત સત્સંગ

પાંચમી સપ્ટેમ્બર ૧૯૭૬ ની મધ્યરાત્રિએ માતાજીના પ્રથમ સાક્ષાત્કાર વેળાએ, વાત્સલ્યની વર્ષા કરતાં કરતાં માતાજીએ પ્રસન્ન થઈને મને વરદાન માંગવા કહ્યું હતું. "નત મસ્તકે, માતાજીના શ્રીચરણ પકડીને પ્રેમાશ્રુ વહાવતો હું બેસી જ રહ્યો". માતાજી કહે, "**તારે મોક્ષ પણ નથી જોઈતો ?**"

બાળસહજભાવે મેં કહ્યું, "**માતાજી આપની જન્મોજન્મની ભક્તિ અને મારા માનવબંધુઓની સેવા આપો.**" તથાસ્તુ કહી, પ્રસાદ પધરાવી માતાજી અંતર્ધ્યાન થઇ ગયાં.

છ સપ્ટેમ્બર ૧૯૭૫ થી માનવસેવાના શ્રીગણેશ મણીનગરમાં બંસીધર બંગલે મંડાયા.

"માતાજીએ મને મોક્ષ માંગવા કહ્યું" તો મોક્ષ એટલે શું?

સામાન્ય અર્થ છે જીવનમુક્તિ. વારંવાર માતાના ઉદરમાં રહેવાનું અને કર્માનુસાર જન્મધારણ કરવાનો. દામ્પત્ય જીવનમાં પદાર્પણ કરતાં પહેલાં અગ્નિની સાક્ષીએ ચાર ફેરા ફેરવવામાં આવે છે. જીવન અને ગૃહસ્થજીવન ચલાવવા માટે જીવન માંગલ્યના ચાર સુત્રો – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપવામાં આવે છે. જીવનમાં ધર્મનું-આચરણ પાયાની જરૂરિયાત છે. ધર્મથી જીવનનું સમતોલપણું જળવાય છે. સાત્વિકતા,

પવિત્રતા, નીતિ, નિષ્ઠા અને પ્રસન્નતાથી પોતાનું કાર્ય બજાવવું. ધન કમાવવા માટે હોય, ઈચ્છા વાસના તૃપ્ત કરવા માટે હોય તેમાં પણ સાત્વિકતા, નૈતિકતા અને પૂર્ણ પરિશ્રમને પ્રાધાન્ય આપવું. ધર્મના આવરણમાં રહીને આપણું જીવન ગતિશીલ રાખીશું તો જીવનની પુર્ણાહુતિ વેળાએ અનાસક્તભાવે પરમાત્મામય બની શકીશું.

મારી સમજ અને મારા શાસ્ત્ર પ્રમાણે મોક્ષ એટલે જીવનયાત્રા દરમિયાન અનાસક્ત ભાવે સત્યનિષ્ઠાથી આપણે આપણો ધર્મ-ફરજ બજાવીએ અને સર્વ કર્મ પરમાત્માને સમર્પિત કરીએ ત્યારે આપણે કર્મબંધનથી મુક્ત રહી શકીએ છીએ.

પરમાત્માની સૃષ્ટિ સંચાલનના, સાચા, સંનિષ્ટ ભક્તની સેવા માટે પરમાત્મા આપણને આ પૃથ્વી પર નિયુક્ત કરે અને પરમના આદેશ, પ્રેરણા અને માર્ગદર્શન પ્રમાણે સેવાકાર્ય કરીએ અને પરમના પ્યારા બાળક બની રહીએ તેજ મારે મન મોક્ષ છે. નિષ્કામ કર્મ કરનારને માયાનું આવરણ અભડાવી શકતું નથી. આકાશમાં ટમટમતા તારલાઓ મારી સમાજ પ્રમાણે મોક્ષ પામેલ આત્માઓ જ છે. દા.ત. ધ્રુવનો તારો, શુક્રનો તારો વિગેરે. આપણા કેટલાય સાત્વિક આત્માઓ, ઋષિમુનિઓ તારલાઓ બની ટમટમી રહ્યા હશે.

સંસારમાં ભક્તોને ભીડ પડે, ત્યારે પરમાત્મા આ જીવનમુક્ત આત્માઓને પોતાના ફિરસ્તા સંત, સદગુરૂના સ્વાંગમાં મદદ માટે, માર્ગદર્શન માટે, ઉદ્ધાર માટે આ પૃથ્વી પર અવતરણ કરાવે છે.

વ્હાલા બાળકો, જીવનયાત્રા દરમિયાન સમયનો સદઉપયોગ કરીને રચનાત્મક કાર્યો કરીને માનવ સમાજને અધિકને અધિક પ્રદાન કરીને નિ:સ્વાર્થભાવે હસતાં હસતાં જીવનયાત્રા સમાપ્ત કરવી તેજ મારે મન મોક્ષ છે.

આ સંસારમાં આપણે પરમાત્માની રંગભૂમિના પાત્રો છીએ. આપણે આપણું પાત્ર પૂરી નિષ્ઠાથી સફળતાપૂર્વક ભજવવાનું છે. જુદા જુદા તબક્કાએ સમયના વહેણની સાથે આપણી પાત્ર વરણી બદલાતી રહે છે. દા.ત. દીકરી, બ્હેન, પત્નિ, માતા, સાસુ, દાદી, નણંદ, ભોજાઇ, દેરાણી, જેઠાણી, વિગેરે, ત્યારે પણ આપણા પાત્રને યોગ્ય ન્યાય મળવો જ જોઈએ. સંસારની, સગપણોની મોહમાયામાં, પ્રલોભનોમાં, આસક્તિમાં ફસાયા વગર આપણા “જીવનમુક્તિ”ના ધ્યેયને નજર સમક્ષ રાખીને આપણી ફરજ સંતોષકારક બજાવવી જોઈએ.

આપનો આધ્યાત્મિક ઉત્કર્ષ થાય, પરમાત્મા સાથે સદાય જોડાયેલા રહીએ તેવું સાત્વિક આયોજન કરવું જોઈએ. આધ્યાત્મિક રંગે રંગાઈ જાવા માટે આપણે-

૧. પરમના પ્યારા બાળક બની રહીએ

૨. સદગુરૂજીના આદેશો-આદર્શોનું પાલન કરીએ

૩. સત્યના આગ્રહી બની, સાત્વિક વાતાવરણનું નિર્માણ કરીએ.

૪. શ્રધ્ધા, શરણાગતિ, સેવા, સત્સંગ અને સદગુરૂજીના શરણમાં રહી જીવનને ધર્મ અને આધ્યાત્મિકતાના અનુરાગી બનાવીએ.

૫. માણસાઈના દીવા પ્રગટાવીને માનવતાને મહેંકાવીયે.

વ્હાલા બાળકો, આપની જીવનયાત્રાનાં હેતુને ચરિતાર્થ કરવા માટે આપે આપના આંતરબાહ્ય વ્યક્તિત્વને નિખારવું પડશે. આપના આંતરિક વૈભવને સમજવો પડશે, વિકસાવવો પડશે.

માનવજીવનમાં કેન્દ્રબિંદુસમ આત્માના પ્રદેશમાં પહોંચવા માટે અંતરયાત્રા કરવી પડશે. આપણા શરીરના પાંચ કોષોને જાણવા પડશે, સમજવા પડશે અને આત્મસાત કરવા પડશે.

૧. અન્નમય કોષ

૨. પ્રાણમય કોષ

૩. મનોમય કોષ

૪. વિજ્ઞાનમય કોષ

૫. આનંદમય કોષ

અન્નમય કોષથી આનંદમય કોષ સુધીની આપણી અંતરયાત્રા – આધ્યાત્મિક યાત્રા છે. કેન્દ્રબિંદુ સમ આત્મા સાથે અનુસંધાન સાધવા માટે આપણા પાંચ કોષોને સુવિકસિત, સરળ બનાવવા પડે.

૧) **અન્નમય કોષ-** સાત્વિક, સમતોલ આહાર નિયમિત લેવાથી શરીરનું બંધારણ થાય છે. શરીર સ્વાસ્થ્ય અને સૌષ્ઠવ જળવાઈ રહે છે. શરીર આત્માનું મંદિર છે. નિયમિત કસરત, સાત્વિક આદતોથી શરીરનું સ્વાસ્થ્ય જળવાઈ રહેશે. શરીરને સ્વચ્છ, સ્વસ્થ અને સુદૃઢ રાખવું જરૂરી છે. અંતરયાત્રાનું આ પ્રથમ સોપાન છે.

૨) **પ્રાણમય કોષ-** નિયમિત શુધ્ધ હવામાં, સ્વચ્છ શાંત વાતાવરણમાં પ્રાણાયામ કરવાથી શરીરના કોષોને, વિવિધ અંગોને સુદૃઢ બનાવી શકાય. રોગપ્રતિકારક શક્તિ વધારી શકાય.

3) **મનોમય કોષ-** મન આપણી ઈન્દ્રિયોનો સારથી છે. ઇન્દ્રિયોની ઉત્તેજનાઓને, એષણાઓને વિવેકથી નિયંત્રણમાં રાખી સાત્વિક, સકારાત્મક માર્ગે વાળી શકાય. મન એ વિચારોનું વહેણ છે. સત્સંગ, સ્વાધ્યાય, મંત્રજાપ, નામસ્મરણ, ધ્યાન, પ્રાર્થના દ્વારા તેને પુષ્ટ કરી શકાય.

૪) **વિજ્ઞાનમય કોષ-** શરીરની વિવિધ ગ્રંથિઓમાંથી ઉત્પન્ન થતા સ્ત્રાવો, વિવિધ હોરમોન્સ માનવ શરીરની ઉર્જાને ક્ષમતાને, નિયંત્રણમાં રાખે છે, શરીરને સુપ્રમાણ, સુડોળ રાખે છે.

૫) આનંદમય કોષ- કેન્દ્રબિંદુસમ આત્માનો આ ખજાનો છે. આપણા શરીરના સાત ઉર્જાકેન્દ્રો, આધ્યાત્મિક ઉર્જાકેન્દ્રો છે, એ સાત ચક્રો તરીકે ઓળખાય છે.

૧. મૂલાધાર ચક્ર

૨. સ્વાધિષ્ઠાન ચક્ર

૩. મણિપુર ચક્ર

૪. હૃદય ચક્ર – અનાહત ચક્ર

૫. વિશુદ્ધ ચક્ર

૬. આજ્ઞા ચક્ર

૭. સહસ્ત્રાર ચક્ર – બ્રહ્મરંધ્ર

નિયમિત મનની એકાગ્રતા અને ધ્યાન દ્વારા ઉપાસક, સાધક આ ઉર્જાકેન્દ્રો ને ઉત્તેજિત કરી નિયમિત અભ્યાસ દ્વારા બ્રહ્મરંધ્ર સુધીની ઉર્જાશક્તિનો અનુભવ કરી શકે છે. આને કુંડલીની શક્તિ પણ કહે છે.

સામાન્ય સાધકે કુંડલીની શક્તિને જગાડવાનો પ્રયત્ન કરવો નહિં. સમર્થ સદગુરૂજીના માર્ગદર્શન હેઠણ જ આવું ધ્યાન કરવા પ્રયત્ન કરવો.

આનંદમય કોષ દ્વારા આત્માનું પરમાત્મા સાથેનું અનુસંધાન અનુભવી શકાય છે. પરમની ચેતનાને અનુભવી શકાય છે.

વ્હાલા બાળકો,

મેં સૂચવેલા અઢાર તત્વોનું-

મન, વચન, કર્મની પવિત્રતા	-	૩
નવ સિધ્ધાંતો	-	૯
સિધ્ધાંત ચતુષ્ટય	-	૪
સત્સંગ, ઉપાસના	-	૨

		૧૮

નિયમિત અનુસરણ કરશો તો, સાત ચક્રોની ઉર્જાને ઉત્તેજિત કરવાની જરૂર નહિ પડે.

આપની નિર્ભયતા, નિર્દોષતા જ આપને શિવમય બનાવી શકશે.

આશીર્વાદ.

ૐ મા ૐ

ૐ મા ૐ
૪૦મી ગુરુપૂર્ણિમા
૧૯-૦૭-૨૦૧૬

ૐ મા ૐ
૪૦મી ગુરુપૂર્ણિમા
૧૯-૦૭-૨૦૧૬

૯. આધ્યાત્મિક પિતા

ગુરૂપૂર્ણિમા ૨૦૧૭ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા ગાયત્રી માતાના બાળકો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે આપ સર્વે ભાવિકોના અંતરના ઉત્સાહને હું પ્રેમથી વધાવું છું. મા ભગવતીની કૃપાશિષથી એકતાલીસ વર્ષથી આપણે આત્મીયભાવે જોડાયાં છીએ. ગુરૂતત્વ સાથે આપણી આધ્યાત્મિક યાત્રા પરમના પંથે ગતિ કરી રહી છે.

આપે મને ગુરૂપદે સ્થાપી આપના હૃદય સિંહાસન પર મને સ્થાન આપ્યું છે. આપ સર્વે પરમના પ્રદેશમાં વિહાર કરો, પરમના ઐશ્વર્યનો અહેસાસ કરો, પરમની સાથે અનુસંધાન સાધો તેવી મારી ઈચ્છા છે, મારો પ્રયત્ન છે. **આપની સંપૂર્ણ તૈયારી, ગુરૂતત્વનું માર્ગદર્શન અને પરમની કૃપાશિષ** આપણા લક્ષ્યને હાંસલ કરવામાં પાયાની જરૂરિયાત છે.

ભૌતિક જગતમાં પિતા પોતાના બાળકને મેળામાં લઈ જાય છે ત્યારે બાળક જો નાનું હોય તો પિતા તેને ગોદમાં ઉંચકી લે છે. બાળક બરાબર ચાલતું થાય ત્યારે હાથ પકડી રાખીને મેળાની મઝા માણે છે. બાળક મટીને યુવાન થાય ત્યારે પોતાની જાતે સ્વતંત્ર રીતે મેળામાં ફરે છે અને પોતાની મરજી પ્રમાણે નિર્ણય લે છે. જરૂર પડે તો જ પિતાની સલાહ માર્ગદર્શન લે છે.

સદગુરૂ આધ્યાત્મિક જીવનના પિતા છે, માર્ગદર્શક છે, પ્રેરણા પ્રદાન કરનાર છે. મારા આધ્યાત્મિક પરિવારમાં કેટલાંક ભાઈબ્હેનો બાળક છે, કિશોરાવસ્થામાં છે, કેટલાક યુવાનવયમાં છે, તો કેટલાક પ્રૌઢાવસ્થામાં, વૃદ્ધાવસ્થામાં છે.

આ મારો આધ્યાત્મિક પરિવાર માનવતાના મહારથી બને, ધર્મના અનુરાગી બને, આધ્યાત્મિક જગતમાં અવગાહન કરે અને જીવનયાત્રાને સુખમય, આનંદમય, પરમમય બનાવે તેવી મારી ઈચ્છા છે, મારો પ્રયત્ન છે.

જે ભાવિકો દસેક વર્ષથી ગુરૂતત્વ સાથે જોડાયેલા છે તેવા ભાઈબ્હેનોને પ્રાયમરી અવસ્થામાં નિહાળું છું. આ અવસ્થામાં તેઓનું શારિરીક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક સંતુલન જળવાઈ રહે તે માટે જીવનની, ધર્મ અને આધ્યાત્મની સાચી સરળ સમજ આપવી જરૂરી છે. શિસ્ત, સંયમ, નીતિ, નિષ્ઠા, પ્રમાણિકતા આપણો ધર્મ છે. પરમાત્માના કોઈપણ સ્વરૂપમાં શ્રધ્ધા રાખી ઉપાસના, ભક્તિ કરવી એ આપણા માનવીય સંસ્કાર છે. નવસિદ્ધાંતોનું આચરણ આપણા જીવન ઘડતરને ઉજ્જવળ બનાવે છે.

સત્ય, પ્રેમ, કરુણા, સદગુણોનું આચરણ આપણા આત્માના આભૂષણો છે, તેને જીવનમાં આત્મસાત કરવાથી આપણી જીવનયાત્રાને સાચી દિશા પ્રાપ્ત થાય છે. સંસારના મેળામાં તેઓ ખોવાઈ નહિં જાય,

શ્રધ્ધા, વિવેક અને પુરૂષાર્થથી તેઓ મેળાની ભીડને ગભરાયા વગર માણી શકશે, અંતરાયોને વળોટી શકશે.

દુનિયાની કોઈપણ તાકાત આપણું અમંગળ કરી શકે જ નહિ, પરમાત્માની શક્તિ આપણી સાથે જ છે અને સદાસર્વદા આપણું રક્ષણ કરતી જ રહે છે. તેવી આત્મશ્રધ્ધા તેમનામાં જાગતી રહેશે.

વ્હાલા બાળકો, આપણે એવું જીવન જીવવાનો સંકલ્પ કરીએ કે આપણો,

૧. **બૌધ્ધિક અને આત્મિક વિકાસ થાય**

૨. **આપણાથી કોઈનેય અન્યાય ન થાય**

૩. **આપણાથી કોઈનોય અધિકાર ઝૂંટવાઈ ન જાય**

૪. **આપણે કોઈનાય દુ:ખનું કારણ – નિમિત્ત ન બનીએ.**

આપણે તો આપણામાં રહેલા સ્વત્વને જગાવવાનું છે. આપણામાં પડેલા જ્ઞાનના, કલાના બીજને અંકુરિત કરવાના છે, વિકસાવવાના છે. આપણે પરમાત્માના અંશ છીએ, પરમાત્માની ચેતના, દિવ્યતા, ઐશ્વર્ય, સદગુણો બીજ રૂપે આપણી અંદર સમાયેલા છે. આપણા પુરૂષાર્થમાં ગુરૂતત્વની, પરમતત્વની પ્રેરણા, માર્ગદર્શન મળતાં રહે, પરમની કૃપાશિષના વારિથી આપણા બીજનો વિકાસ કરી સ્વ અને સમષ્ટિના હિતમાં ઉપયોગ કરી શકીએ એવી આપણી ભાવના હોવી જોઈએ.

૧૯૭૭ માં સીવીલ હોસ્પીટલના નિવાસમાં આપણે પ્રથમ ગુરૂપુર્ણિમા ઉજવી હતી. શરૂઆતથી અથવા ૨૫-૩૦ વર્ષથી મારા

ગુરૂતત્વ સાથે જોડાયેલા મારા આત્મિક ભાઈબ્હેનો, આપ સર્વે તો ધર્મ અને અધ્યાત્મના મર્મને સારી રીતે સમજી શક્યા હશો, પચાવી શક્યા હશો, માનસિક પરિપકવતા આવી ગઈ હશે. રાજગીતાના મર્મને અપનાવજો.

સંસારના મેળામાંથી આપ વિરક્ત થઈ રહ્યા હશો, પરંતુ અનાસક્ત ભાવે સંસારની મીઠાશને માણતા હશો ! પરમનું સાનિધ્ય માણતા રહેજો, પ્રેરણા મળતી રહેશે.

આધ્યાત્મિક પંથના યાત્રી બન્યા પછી આપણું જીવન આત્મચેતનાવાળું બનવું જોઈએ, ગુરૂતત્વના સાનિધ્યથી, **ગુરૂ મંત્ર દીક્ષાથી આપણે નવજીવન પામ્યા છીએ. આપણામાં સાત્વિક, સકારાત્મક પરિવર્તન આવવું જ જોઈએ.**

જ્ઞાનનો દીપક પ્રગટાવી, અજ્ઞાનના તમસને વિદારી આપણી આત્મિક ચેતનાને જગાવવાનું કામ ગુરૂતત્વ દ્વારા થઈ રહ્યું છે. પ્રેમ, કરુણા, સત્ય, શિસ્ત, સંયમનો આવિર્ભાવ આપનામાં થયો જ હશે. આપની સમસ્યાઓ સુલઝાવવા માટે, અંતરાયો વળોટવા માટે આપ સક્ષમ બન્યા જ હશો. હવે સ્વતંત્ર રીતે આપે આપના વર્તુળમાં માનવતા મહેંકાવવાની છે. અંતરાયો આવે ત્યારે શ્રધ્ધાસભર પ્રાર્થના કરજો, યાદ કરજો, સ્થૂળ કે સુક્ષ્મ રૂપે આપને માર્ગદર્શન મળતું જ રહેશે.

મારા વડીલ ભાઈ બ્હેનો, આપે આપની જીવનયાત્રાને આધ્યાત્મિક યાત્રામાં પરિવર્તિત કર્યા પછી આપના અસ્તિત્વમાં, આપના વ્યક્તિત્વમાં, વાણી, વર્તન, વ્યવહારમાં શું પરિવર્તન આવ્યું છે તેનું તટસ્થપણે પરિક્ષણ કરીએ. આપે આપના મનથી જ મૂલ્યાંકન કરવાનું છે.

૧. મારી શ્રધ્ધામાં મને શ્રધ્ધા છે?
   મારી જાતમાં મને શ્રધ્ધા છે?
   મારા ધર્મમાં મને શ્રધ્ધા છે?
   ધર્મના સિધ્ધાંતોનું આચરણ હું કરી શકું છું?

૨. જીવનની કોઈપણ સુખદ કે દુ:ખદ પરિસ્થિતિમાં હું તટસ્થ રહી શકું છું?

૩. મારા આધ્યાત્મિક વિકાસ માટે હું નિયમિત રીતે ઉપાસના, સ્વાધ્યાય, સત્સંગ કરું છું?

૪. મારામાં સહનશીલતા, સમજણશક્તિ, સંયમ, સમતાભાવ, ક્ષમાભાવ વર્તાય છે?

૫. કાર્યક્ષેત્ર, વ્યવસાયમાં પ્રમાણિકતા, નૈતિકતા, દયાભાવ દાખવી શકું છું?

૬. પરમાત્માની પ્રેરણા, પ્રત્યક્ષતા પળે પળે અનુભવાય છે?

૭. મારી આંતરિક શાંતિ સ્થિર રહી શકે છે?

૮. ભૂતકાળની ભૂલોને ભૂલીને નૂતન જીવન જીવવાની પ્રેરણા મળે છે?

૯. મારામાં માનસિક પરિપક્વતા આવી છે?

૧૦. નવસિધ્ધાંતોને જીવનમાં અપનાવી શકાય છે?

૧૧. રાજગીતાના અઢારતત્વો મારા વાણી, વર્તન, વ્યવહારમાં પરિવર્તન લાવી શકે છે?

માનવજીવનનું આયુષ્ય સામાન્યરીતે સો વર્ષનું ગણાય છે. આહાર, વિહાર, મન, બુધ્ધિ, કર્મનું સમતોલપણું, સ્વસ્થ, સ્વાસ્થયયુક્ત જીવન પદ્ધતિ અપનાવી હોય તો જીવનયાત્રા પરિપૂર્ણ કરી શકાય છે.

જીવનયાત્રાના દરેક દશક પર દરેક આંકડા પાછળ શૂન્ય આવે છે જેમકે ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૫૦, ૬૦, ૭૦, ૮૦, ૯૦, ૧૦૦. દશકના આ શૂન્ય આપણને કંઈક મેળવવાનું, કંઈક સમજવાનું, સાચવવાનું અને છોડવાનું સૂચવે છે.

૧. જન્મથી દસવર્ષનું જીવન નિર્મળ, ભોળું, ભાવનાયુક્ત છે. પ્રેમ અને સંસ્કાર મેળવવાના છે. **જીદ, હઠાગ્રહ છોડવાના છે.**

૨. વીસ વર્ષના જીવન દરમિયાન વિદ્યા, વિનય, વિનમ્રતા, વિવેક જેવા સદગુણો સંપાદન કરવાના છે. **આળસ, તમસ, ક્રોધ છોડવાના છે.**

૩. ત્રીસ વર્ષના જીવન દરમિયાન સાત્વિક સંપત્તિ, સંસ્કારી સંતતિ, આદર્શ ગૃહસ્થાશ્રમ, પરિવાર, સમાજ, રાષ્ટ્રના ગૌરવ જાળવવાની પ્રવૃત્તિ કરવાની છે. **અનીતિ, કુટેવો, દુરીતા, દુષણો છોડવાના છે.**

૪. ચાલીસ વર્ષના જીવન દરમિયાન સંસાર, સમાજ, સંતતિ, પરિવાર, વ્યવસાય, વ્યવહાર અને સંપત્તિના યોગદાનમાં સંતુલન જાળવવું. સત્સંગ, સ્વાધ્યાય, સેવા સદગુરૂના શરણમાં રહેવું. **લોભ, અહમ, અંધશ્રધ્ધા, દૂષણોથી દૂર રહેવાનું.**

પચાસ વર્ષમાં પાંચની પાછળનું શૂન્ય (૫૦) સૂચવે છે કે જીવનની અડધી યાત્રામાં સાત્વિક સમજણ સંપાદન કરી હવે વન પ્રવેશ થશે, પાંચની પાછળ એક લાગશે. હવે મનને વનમાં લઈ જવાનું. મનને એકાંતની આદત પાડવાની. નામસ્મરણ, મંત્રજાપ, ધ્યાન, સત્સંગ અને સ્વાધ્યાયમાં રૂચી દાખવવી.

પચાસ પછીના બધા જ વર્ષોની જીવનયાત્રા સાત્વિક પ્રારબ્ધ નિર્માણ કરવામાં કેન્દ્રિત કરીએ. **મૌન અને મંત્રને પ્રાધાન્ય આપીએ.**

સંસાર અને જીવનની એષણાઓમાંથી પાંચ વસ્તુઓમાં શૂન્યતા લાવવાનો પ્રયત્ન કરવાનો છે.

૧. **અહંકાર** – ઈગો છોડવાનો.

૨. **અંધકાર** – અજ્ઞાની, મોહ, માયાની આસક્તિ, અંધશ્રધ્ધામાંથી મુક્ત થવાનું. સાત્વિક જ્ઞાનનો દીપક પ્રગટાવવો.

૩. **અધિકાર શૂન્યતા** – વડીલત્વનો ભાવ અને સ્વભાવ ભૂલવો. ધંધા વ્યવસાયની જવાબદારી હળવી કરી, પદ, પ્રતિષ્ઠાનો ભાર હળવો કરવો.

૪. **અંગીકાર શૂન્યતા** – ભેટ સોગાદો, ભેગું કરવાની વૃત્તિ છોડવી.

૫. **અલંકાર શૂન્યતા** – આભૂષણો, અલંકારો વસાવવાનો, સજાવવાનો મોહ હળવો કરવો.

સત્ય, પ્રેમ, કરુણા, અહિંસા, સેવા, સ્વાધ્યાય, સત્સંગથી જીવનને અલંકૃત કરવું.

સાંપ્રત સમયની સમાજ વ્યવસ્થામાં વિભક્ત કુટુંબ પ્રણાલી, શિક્ષણ અને વ્યવસાયનો વિકાસ વિગેરે પરિવર્તનશીલ જીવનને અનુલક્ષીને વડીલોએ પોતાના વૃદ્ધત્વનું ગૌરવ જળવાય, આત્મબળ, મનોબળ, શરીરબળ અને બુદ્ધિબળનું આયોજન પચાસથી સાઈઠ વર્ષના સમય દરમિયાન કરવું જોઈએ.

પરિવારના સભ્યો સાથે આત્મીય ભાવ વધે, આનંદ, ઉત્સાહનું આદાનપ્રદાન થાય, પ્રેમનો તંતુ વધુ મજબૂત બને તે માટે પરિવારને સમય આપો, સંસ્કાર આપો, પરિવાર – સંતાનો સાથેનો લાગણીનો, આદરનો, પ્રેમનો સેતુ એ વૃદ્ધત્વની અનમોલ સંપત્તિ બની રહેશે.

પચાસ વર્ષના આયુ પછીનું જીવન ધીમે ધીમે શારીરિક અશક્તિ, વ્યાધિમાં ન સપડાય, મન, બુધ્ધિ અને આત્માનું ઓજસ જળવાઈ રહે, વધતું રહે તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ.

૧. શરીરનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે સાત્વિક, સમતોલ, રુચિકર, સમયસર ભોજન કરવું, પ્રાણાયામ યોગાસન કરવાં.

૨. મનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે, મનને સકારાત્મક, રચનાત્મક વિચારોમાં, ચિંતન મનનમાં વ્યસ્ત રાખવું. સેવા,

સત્સંગ, સ્વાધ્યાયથી મનને હમેશાં ગતિશીલ રાખવું. "IDLE MIND IS DEVIL'S HOUSE" ના બને તે માટે સતત જાગૃત રહેવું.

3. બુધ્ધિની સ્વસ્થતા – સકારાત્મક અભિગમ, રચનાત્મક પ્રવૃત્તિ, પોતાને ગમતી હોબી થી બુધ્ધિની શુધ્ધિ કરતા રહેવું.

૪. આત્માનું ઓજસ જાળવવા – વધારવા માટે નિયમિત રીતે, શિસ્તબધ્ધ રીતે પરમાત્મા સાથે અનુસંધાન સાધતા રહેવાનું, નિયમિત ઉપાસના, ધ્યાન, પ્રાર્થના, સત્સંગ, ચિંતન, મનન, યોગાસન, પ્રાણાયામ કરતા રહેવાથી આપણા વ્યક્તિત્વમાં નીખાર આવે છે.

૫. આર્થિક સ્વાવલંબન – નોકરી, વ્યવસાયમાંથી નિવૃત થયા પછી સારી રીતે, આપણી ક્ષમતા-અપેક્ષા અનુસાર આત્મગૌરવથી જીવન જીવી શકાય તે માટે પાયાની જરૂરિયાતો જેવી કે રહેવાનું મકાન, જીવનનિર્વાહ માટે આર્થિક સદ્ધરતાનું આયોજન નિવૃત થતા પહેલાં જ કરી રાખવું જોઈએ. પતિ પત્નિએ જીવનના છેલ્લા શ્વાસ સુધી માનસિક સ્વસ્થતા અને આર્થિક સદ્ધરતા રાખવી જરૂરી છે.

પોતાના જીવનકાળ દરમિયાન જ દયા, દાન, પરોપકાર, સેવાકીય કાર્યો કરી સાત્વિક પ્રારબ્ધ નિર્માણ કરવું. **"હાથે તે જ સાથે"** તે ઉક્તિ અનુસાર જાતે જ પોતાનું પ્રારબ્ધ નિર્માણ કરવું.

પોતાના પુરૂષાર્થથી પ્રાપ્ત કરેલી ધનસંપત્તિનું વ્યવસ્થિત વસિયત કરી રાખવું જેથી સંપત્તિ વાપરનાર સંતાનો, પરિવારના સભ્યો સુખી થાય અને પરિવારનો સુસંસ્કાર વારસો જળવાઈ રહે.

સંતાનો દેશમાં કે પરદેશમાં પોતાના પરિવારમાં અને પોતાના માળામાં સ્થિત-સ્થિર થયા હોય તો તેઓને વડીલોની સંભાળનો વધારાનો બોજ ન આપતાં અનુકૂળતાએ, પ્રસંગોએ મળતાં રહેવું, આનંદ કરતા રહેવું તેમાં બંનેનું સ્વમાન અને ગૌરવ જળવાઈ રહે.

અપેક્ષા રહિત જીવન જીવવું અને વ્યવહારો નિભાવવામાં જ સુખ અને સંતોષ માણવો.

વ્હાલા બાળકો, આધ્યાત્મિક પિતાના નાતે આપણે આત્માથી, હૃદયના ભાવથી જોડાયેલાં છીએ. માતાજીએ પોતાના પ્રતિનિધિ તરીકે આ સંસારમાં સાત્વિકતા, માનવતા પ્રસરાવવા માટે મારી વરણી કરી છે.

આપ સર્વે શ્રધ્ધાની સંપત્તિ સાથે રાખજો, વિશ્વાસના વહાણમાં બેસીને ગુરૂતત્વના સહારે જીવનયાત્રાનો આનંદ માણતા રહેજો. દિવ્યતાની અનુભૂતિ થતી રહેશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

૧૦. સમર્પણનો સૂરજ ક્યારે પ્રકાશે ?

ગુરૂપૂર્ણિમા ૨૦૧૮ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે આપ સર્વે પ્યારા પ્રેમી પારેવાના ઉત્સાહને, પ્રસન્નતાને, હૃદયના ભાવને હું આવકારું છું. આપ સર્વે સદાય પ્રસન્ન રહો અને પ્રસન્નતાથી પ્રેમને પ્રસરાવતાં રહો.

એકવાર નારદજીએ ભગવાનને કહ્યું કે, "પ્રભુ આપ માનવજાતના માલિક છો, આપે આ માનવજાતને હુકમ કરવો જોઈએ કે બધીજ માનવજાત તમારા શરણે આવી જાય; કારણકે સમસ્ત માનવજાત અને સૃષ્ટીની રચના આપે જ તો કરી છે."

ભગવાન કહે, "નારદજી, એમ ના ચાલે. માણસે જાતે જ એનો નિર્ણય કરવો પડે, **સમર્પણ તો સ્વૈચ્છિક હોય, તેમાં બળજબરી ના ચાલે**, સલાહ આપી શકાય, ધ્યાન દોરી શકાય, પરંતુ ફરજ પાડી શકાય નહિં. જયારે પણ સમર્પણમાં બળજબરી થાય ત્યારે તેનો મૂળ અર્થ, ભાવ માર્યો જાય. **હૃદયમાં પ્રેમભાવ પ્રગટે ત્યારે જ સમર્પણનું પવિત્ર ઝરણું વહેવા લાગે.** સમર્પણનો ભાવ તો અંતરના ઊંડાણમાંથી જ ઉદ્ભવે તો જ તેનું મૂલ્ય છે. **સમર્પણ પૂર્ણ શ્રધ્ધા હોય તો જ ઉદ્ભવે. અહમનું વિસર્જન થાય ત્યારેજ સમર્પણનો સૂરજ પ્રકાશે.**"

જો આપણે આપણા જીવનના સ્વામી હોઈએ તો આપણે જ આપણી જાત માટે જવાબદાર ગણાઈએ. હોદ્દો આપણે સંભાળીએ અને જવાબદારી બીજાના માથે ઠોકી બેસાડીએ એ કેમ ચાલે ?

સમર્પણ ભાવ ત્યારે જ જાગે જયારે આપણા જીવનમાં સેવા, ભક્તિ અને સ્મરણનો ત્રિવેણીસંગમ રચાય. આપણા ઇષ્ટદેવ-પરમાત્માને આપણા જીવનની પ્રત્યેક ગતિવિધિમાં કેન્દ્રસ્થાને રાખીને જ જીવન જીવાય તો જ આપણો સંપૂર્ણ વિકાસ, સંપૂર્ણ ઉધ્ધાર શક્ય બને, **આપણા જીવનમાં પરમાત્માની પૂર્ણ સત્તાનો સ્વીકાર કરવો આવશ્યક અને અનિવાર્ય છે.**

નામી અનામી એવા કેટલાયે ભક્તોએ, મહાનુભાવોએ પોતાનું જીવન પરમને શરણે સમર્પિત કરી દીધું છે. ભક્તના અસ્તિત્વમાં રહેલી અચળ શાંતિનું રહસ્ય તેના અંતરમાં વહેતી ભક્તિની ભાગિરથીનું જ પ્રતિબિંબ છે.

નરસિંહ મહેતાને પૂછવામાં આવ્યું કે “આપે આપના વ્યવહારિક, સામાજિક પ્રસંગો, પ્રશ્નો ઉકેલવાના છે અને આપ આટલી શાંતિ, ધીરજ કેવી રીતે રાખી શકો છો ?”

જવાબમાં મહેતાજી શું કહે છે ! **“ભાઈ મેં મારાપણું રાખ્યું જ નથી. “હું પદ”ના શસ્ત્રો મેં હેઠા મૂકી દીધા છે.** મારા પ્રભુએ જ બધું કરવાનું છે”. પરમાત્માએ સદેહે આવીને સમર્પિત ભક્તબાળના બધા જ પ્રસંગો ઉત્તમ

રીતે ઉકેલી આપ્યા. પોતાના બાળ ભક્તની લાજ રાખી, માન બઢાવ્યું. **સમર્પણ ખરેખર અનન્ય સમર્પણ માંગી લે છે.**

પરમાત્માની વેદી ઉપર આપણે આપણા જીવનને સમર્પણનું સમિધ બનાવી દઈએ. આપણી ઈચ્છાશક્તિ, નિર્ણયશક્તિ અને સમજશક્તિ પરમના ચરણમાં અર્પિત કરી દઈએ અને પરમની પ્રેરણા, માર્ગદર્શન અનુસાર પુરૂષાર્થ કરી, યશની કલગી પરમના શિર પર રાખીએ તો આપણા અહમ્ ને પાંગરવાનો કોઈ અવકાશ જ ન રહે.

“તેરા તુજકો અર્પણ
ક્યા લાગે મેરા ?”

ત્યાગીને ભોગવી જાણો એવો ઉપનિષદનો ઉપદેશ આપણને સમર્પિત જીવન માટે પ્રેરિત કરે છે.

કુરુક્ષેત્રના મેદાનમાં વિષાદગ્રસ્ત અર્જુનની માનસિક વિહ્વળતા વધી જાય છે, ગાંડીવ ધનુષ્ય નીચે મૂકી દે છે. પોતાના જ સ્વજનો, વડીલો, ગુરૂજનોને મારવાનું પાપ કરવાનું તે વિચારી શકતો નથી, યુધ્ધ ન કરવાનો નિર્ણય પોતાના સખા – સારથી શ્રી કૃષ્ણજી ને જણાવે છે.

શ્રી કૃષ્ણજી ગીતાજ્ઞાન દ્વારા પ્રિય ભક્ત – સખા અર્જુનના વિષાદયોગને કર્મયોગમાં પરિવર્તિત કરે છે. અર્જુનજીમાં સમર્પણભાવ જાગૃત થાય છે અને કહેવું પડે છે કે

"મારો મોહ દૂર થઈ ગયો છે

હું આપના વચનને અનુસરીશ"

અને ધર્મયુધ્ધ કરવા તૈયાર થાય છે, અને વિજયને વરે છે.

આપણી જીવનયાત્રા દરમિયાન આપણે સમયની નાવમાં બેઠાં છીએ. આપણી નાવના નાવિક – નાખુદા સ્વયમ્ પરમાત્મા છે, સંસારની જવાબદારીઓનો ભાર – ચિંતા આપણે શા માટે કરવાની? અનાસક્ત ભાવે ફરજ બજાવવાની. સંસારની નાવમાં બેઠા પછી, સંપૂર્ણ સમર્પણ ભાવથી આપણું સર્વસ્વ પરમ નાવિકના હાથમાં સોંપી દીધા પછી આપણે નિશ્ચિંત થઈ જવું જોઈએ. જો ચિંતા થાય તો સમજવું કે આપણને આપણા દિવ્ય પરમ નાવિક પર વિશ્વાસ નથી. આપણે સંપૂર્ણ સમર્પિત થયા નથી. આપણી વાતો અને વ્યવહારમાં એકરૂપતા નથી. આપણી શ્રધ્ધા વિભાજીત છે.

આપણું સમસ્ત અસ્તિત્વ સત્ય, પ્રેમ, કરુણા અને સેવાના સથવારે જ ગતિ કરવું જોઈએ. સમર્પિત જીવનજ પરમની કૃપાના અધિકારી બની શકે.

પરમની કૃપાશિષ અને આનંદનો અનુભવ કરવા માટે મનને સકારાત્મકતાથી સભર કરવું જોઈએ. વર્તમાન જીવનનો સદંતર ત્યાગ કરવાની જરૂર નથી. સંસારના સર્વધર્મો, ફરજો નિભાવવા છતાંય વિરક્તભાવ રાખી, સંસારમાં આપણે જે પોઝીશનમાં હોઈએ ત્યાંથી જ

આપણે સમર્પણ યુક્ત જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પ્રયત્ન કરવાથી પરમની પ્રેરણા મળી રહે છે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે. **ૐ મા ૐ**

ઉતર કોરિયા અને અમેરિકાના મહાનુભાવોનાં માનસ પરિવર્તન અને અણુ યુદ્ધ નિવારણની વિધિ
તા.: ૨૧-૦૯-૨૦૧૭

૧૧. સદગુરૂ દિવ્યજીવન તરફ ગતિ કરાવે છે.

ગુરૂપૂર્ણિમા ૨૦૧૯ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે આપ સર્વેના પ્રેમાળ જીવનમાં પૂર્ણિમાનો શીતળ પ્રકાશ આપના હૃદયાકાશમાં સદાય પ્રસન્નતા પ્રસરાવતો રહે, આપની ચેતનાને સદાય ઝંકૃત કરતો રહે, આપ સર્વેને આપની આધ્યાત્મિક આકાંક્ષાઓ, અપેક્ષાઓ પરિપૂર્ણ કરવાની સાત્વિક શક્તિ મળતી રહે, પરમની પ્રેરણા સદાય મળતી રહે, તેવા આશીર્વાદ સહ પરમશક્તિ મા ભગવતીને પ્રાર્થના.

આપનું જીવન સત્ય, પ્રેમ અને કરુણાના માહોલમાં જ સદાય ગતિ કરતું રહે, આપનો આધ્યાત્મિક ઉત્કર્ષ થાય, આપનું વર્તમાન જીવન સુખ, શાંતિ અને સંતોષથી અલંકૃત બની રહે તેવો પ્રયત્ન શ્રધ્ધાળુ ભાવિકો માટે હું કરતો રહું છું.

પાપ કર્મ મુક્તિ કવચ, આધ્યાત્મિક કવચ, સાત્વિક ધન સંપત્તિ અને સ્વસ્થ જીવન માટે મેં ઘણા પ્રયોગો અને પ્રસાદી પ્રદાન કર્યા છે. આપનું ભૌતિક અને આધ્યાત્મિક જીવન સમૃધ્ધ બને, આપનું કર્મ ધર્મમય બને તેવું વાતાવરણ, ઉપાસના, સત્સંગ સ્વાધ્યાય, સેવા અને સાત્વિકતાથી સભર બને તેવો પ્રયત્ન આપે કરવો જ પડશે.

છેલ્લા ૪૩ વર્ષોથી આપણે આધ્યાત્મિક પંથે ગતિ કરી રહ્યા છીએ. આપણો ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસ કેટલો થયો તેનું મૂલ્યાંકન, આકલન દરેક ભાવિકે પોતાની રીતે જ કરવું પડશે.

આપણા વાણી વર્તન વ્યવહારમાં સકારાત્મક પરિવર્તન આવવું જ જોઈએ. વિવેકની જાગૃતિ સદાય રહેવી જોઈએ. સદગુણોનો વ્યાપ વધવો જ જોઈએ.

વર્ષોથી પોતાની જીવનયાત્રાને આધ્યાત્મિક વહેણમાં ગતિ કરાવી રહ્યા છે. તેવા મારા વ્હાલા ભાવિકો આપ સ્વાશ્રયી બનો, પરમની કૃપા અને સદગુરૂજીના આશીર્વાદના હાર્દને સમજો, મહામૂલી આધ્યાત્મિક સંપત્તિ સમજીને તેનું સદાય સ્મરણ કરતા રહો.

કેટલાક યુવાન અને નવા ભાવિકોને પોતાની જીવનયાત્રાને આધ્યાત્મિક યાત્રાના વહેણમાં જોડવાની ઈચ્છા થાય છે. પરંતુ સૂક્ષ્મ શરીરના- મન, બુધ્ધિ, ઇન્દ્રિયોના વિવાદમાં ફસાય છે. નિર્ણય કરી શકતી નથી.

આપની વર્તમાન જીવનશૈલી, યંત્રયુગ અને ઇલેક્ટ્રોનીક મીડિયાનો પ્રભાવ, આપની સાત્વિક ઈચ્છાને અવરોધે ત્યારે તટસ્થભાવે આપના વિવેકને જાગૃત કરજો અને આધ્યાત્મિક પંથના પ્રવાસી બનવા સંકલ્પબધ્ધ બનજો.

આધ્યાત્મિક પંથનું પ્રથમ સોપાન છે ધર્મ. આપણી ફરજ એજ આપણો ધર્મ, નીતિ, નિષ્ઠા અને નૈતિકતા એ ધર્મનો પાયો છે. આપણું

સાત્વિક આચરણ જ આપણને ધર્મનો મર્મ સમજાવે છે. સદાચાર, પવિત્રતા અને ઐક્યતાનો પાયો ધર્મ છે.

જીવનમાં ધર્મનું આચરણ કરશો તો સાચા સદગુરૂનું સાનિધ્ય પ્રાપ્ત થશે. સત્સંગથી ધર્મનો પાયો વધુ મજબૂત થશે. આધ્યાત્મિકતાનો ઉદય થશે.

જીવનમાં માતાપિતા અને સદગુરૂ આપણા જીવનનું ઘડતર અને ચણતર કરે છે. આપણા માતાપિતા આપણા પ્રથમ ગુરૂ છે. બાળકનું સંવર્ધન, સંસ્કાર, સંરક્ષણ, શિક્ષણ, પ્રેમ, હૂંફ, વાત્સલ્ય અને યોગ્ય માર્ગદર્શન માતાપિતા પ્રદાન કરે છે. બાળકનો શારિરીક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસ માતાપિતાની શીળી છાયામાં પ્રાંગરે છે. વિકસે છે. બાળકની જીવનયાત્રાની શરૂઆત વાત્સલ્યના પવિત્ર વહેણમાં ગતિ કરે છે.

સદગુરૂજી આપણી જીવનયાત્રાને દિવ્ય જીવન તરફ ગતિ કરાવે છે. ભૌતિક જીવન, સાંસારિક જીવન, વ્યાવસાયિક જીવન, અર્થોપાર્જનના ક્ષેત્રમાં આપનું કર્મ કર્મયોગ બની જાય, વ્યવહારમાં વિવેકની જાગૃતિ રહે, જીવનની સમસ્યાઓ, મૂંઝવણો સાત્વિકતાથી સકારાત્મક રાહે સુલઝાતી રહે તેવી પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહે છે. દિશા સૂચન કરતા રહે છે.

સદગુરૂજી આપણા જીવનને ત્રણ રીતે ઘડે છે. સત્સંગ દ્વારા આત્મજાગૃતિ, આત્મશક્તિને સતેજ કરી આપણામાં સકારાત્મક નૂતન

જીવનનો સંચાર કરે છે. બ્રહ્માજી સ્વરૂપે આપણને બીજો જન્મ આપે છે. આપણા વાણી વર્તન વ્યવહારમાં પરિવર્તન લાવે છે. ગુરૂ મંત્રદિક્ષા આપી, વિષ્ણુ સ્વરૂપે સદગુરૂજી આપણા વિચારો, સંકલ્પો, કાર્યોમાં વિશાળતા, સમતા, સહનશીલતા અને રચનાત્મકતાનો વ્યાપ વધારવામાં પ્રેરણા પ્રદાન કરે છે.

મહેશ સ્વરૂપે સદગુરૂજી આપણા તન મનની નકારાત્મકતા, આસુરી તત્વોનું નિર્મૂલન કરે છે.

ત્રિગુણ સ્વરૂપ સદગુરૂજી આપણામાં માનવતાનું નિરૂપણ કરે છે. સત્ય, પ્રેમ, કરુણા, અહિંસા અને નિ:સ્વાર્થ સેવાના સંસ્કારનું સિંચન કરે છે. માનવતાના મૂલ્યોનું પરિમાર્જન કરાવતા રહે છે.

ભાવિકોનો આધ્યાત્મિક ઉત્કર્ષ થાય તે માટે નિયમિત રીતે પરમાત્મા સાથે મનથી જોડાયેલા રહેવાનો નિર્દેશ કરે છે. પ્રાર્થના, ઉપાસના, મંત્રજાપ, ધ્યાન, સત્સંગ, સ્વાધ્યાય દ્વારા આપણામાં દેવત્વને - સદગુણોને વિકસાવે છે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે. ॐ મા ॐ

૧૨. જીવનને મહાન બનાવીએ

ગુરૂપૂર્ણિમા ૨૦૨૦ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

મારા વહાલાં આત્મીયજનો,

મારા આધ્યાત્મિક જીવનની આજે ચુંમાલીસમી ગુરૂપૂર્ણિમા છે. આપણે બધાં આધ્યાત્મિક પંથનાં યાત્રીઓ છીએ. આધ્યાત્મિકતાનો નાતો - સંબંધ નિભાવવો હોય તો મારા જીવનનાં અઢાર તત્વોને જીવનના વ્યવહારમાં વણી લેજો.

આ અઢાર તત્વો નીચે પ્રમાણે છે.

૧.	નવ સિધ્ધાંતો -	૯ તત્વો
૨.	મન વચન કર્મની પવિત્રતા -	૩ તત્વો
૩.	માસ્ટર કી - ચાર માર્ગો	
	પ્રેમ, જ્ઞાન, સહન, ક્ષમા માર્ગ	૪ તત્વો
૪.	ઉપાસના અને સત્સંગ -	૨ તત્વો
		૧૮ તત્વો

વહાલાં બાળકો,

જીવનને સાત્વિક અને મહાન બનાવવું હોય તો સુખ, શાંતિ અને આનંદ પ્રાપ્ત કરવાં હોય તો, આટલું અવશ્ય અપનાવજો.

૧. માનવ બનો, માનવતા પ્રસરાવો.

૨. નીતિમાન બનો, શૂરવીર બનો.

૩. ઉદાર, પવિત્ર, નિ:સ્વાર્થી અને દૃઢનિશ્ચયી બનો.

૪. શુભમાં, સત્યમાં શ્રધ્ધા રાખો, સકારાત્મક બનો.

૫. ષડવૃત્તિઓનું નિયંત્રણ કરો, નિર્મૂલન કરો.

૬. સંવેદનશીલ બનો, સહૃદયી, સેવાભાવી બનો.

૭. વાણી, વર્તન, વ્યવહારમાં વિવેક દાખવો.

વહાલાં બાળકો,

આપ બધાં મજામાં હશો. તમારો 'હા' નો અવાજ મને સંભળાય છે.

સાંપ્રત સમયની સમસ્યાને સુલઝાવવાનો એકમાત્ર ઉપાય મારી દૃષ્ટિએ અંતરાત્મા પર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. ડર-ભયને મનમાં પ્રવેશવા જ ન દો. એ જ ઉજ્જવળ વિજયનો રામબાણ ઈલાજ છે.

આપણી સફળતા, નિષ્ફળતાનો આધાર બાહ્ય સંજોગો પર નહિં પરંતુ આપણા પોતાના પર નિર્ભર રહે છે.

આપણા પર આપણને વિશ્વાસ બેસી જાય તો બહારની કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિને આપણે અનુકૂળ બનાવી શકીએ. આપણે આપણા પોતાના કેન્દ્રમાં રહીને ધારીએ તેવા સંજોગો નિર્માણ કરી શકીએ છીએ.

આત્મવિશ્વાસ જ પાયાની જરૂરિયાત છે.

મારા આદેશ મુજબ 'જીરું' લેવાનું ચાલુ જ રાખજો.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

૧૩. આધ્યાત્મિક દિવાદાંડી

ગુરૂપૂર્ણિમા ૨૦૨૧ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

આજે ગુરૂપૂર્ણિમાના પવન પર્વે આપ સર્વેની પ્રેમસભર હૃદય વંદનાને હું પ્રેમથી સ્વીકારું છું. પીસ્તાલીસ વર્ષથી માતાજીએ મારા માધ્યમ દ્વારા માનવતાનાં અમૃત સાગરમાં આધ્યાત્મિક દીવાદાંડીનું પ્રાગટ્ય કર્યું છે. આ દીવાદાંડીનો પ્રકાશ દરેક જરૂરતમંદ વ્યક્તિની જીવનયાત્રાને સરળ, સહજ, સફળ બનાવે તેવો મારો પ્રયત્ન રહ્યો છે.

આપ સર્વે ભાવિકોનો સાથ, સહકાર અને પુરૂષાર્થથી, રાહ ભૂલેલા જીવન યાત્રીને ગન્તવ્ય સ્થાન પર પહોંચાડવામાં મદદ રૂપ થઇ પડશે.

ઉપનિષદમાં એક વિધાન છે કે "તમે એવું જાણો કે જે જાણવાથી બધું જ જાણી શકાય"

પરમાત્મા કહે છે કે:

"તમારી જાતનો ઉદ્ધાર કરવાની સાથે, તમારે બીજાને પણ મદદ કરવાની છે"

આજના પાવન પર્વે મારી અંતરની ઈચ્છા છે કે, મારા ચાહકો, ભાવિકો, બાળકો માનવતાની મશાલને માનવતાના મહાસાગરમાં

દિવાદાંડી બનાવી દે. સંસાર સાગરમાં અટવાયેલા, રાહભૂલેલા, હતાશ - નિરાશ થયેલા, પથિકનો પથ ઉજળે, માર્ગદર્શન કરે, ગન્તવ્ય સ્થાને પહોંચાડે.

પિસ્તાલીસ વર્ષના સહવાસ, સત્સંગ, સ્વાધ્યાય અને સહસ્પર્શથી આદ્યત્મિક વિકાસ કરવા, પ્રગતિ કરવા ઇચ્છતા બાળકો આપના ગુરૂતત્વે વિકાસની ગતિ પકડી જ હશે. શિવ જીવના મિલનની ક્ષિતિજો ખુલી હશે, હૃદય સિંહાસન પર વિરાજીત પરમાત્માના દર્શન કરવા, માર્ગદર્શન મેળવવા, અંતર યાત્રા કરવા સજ્જ થવું પડશે.

અંતરાત્મામાં વિકસી રહેલા પરમાત્માનો સંદેશ છે કે:

1. જ્ઞાન, ભક્તિ અને કર્મ આપણી જીવન સાધનાના ત્રણ પાયા છે, જેના ઉપર આપણી આદ્યાત્મિક ઇમારત ચણી શકાય, સજાવી શકાય.

2. હું તમને માર્ગદર્શન આપતો રહીશ, ધીરજ અને શ્રધ્ધા રાખજો, નિષ્કામ કર્મ કરજો, શરણાગત બનજો, પ્રાર્થના કરતા રહેજો.

3. તમારો ઉદ્ધાર કરવાની સાથે - તમારે બીજાને મદદ તન, મન અને ધનથી કરવાની છે.

4. હતાશ થયેલા, હામ હારી ગયેલા સાથીને હિંમત આપો. પ્રેમ આપો. મધુર સ્મિત સાથે તેને સહાય કરો.

5. યાદ રાખો, આપવાથી અનેકગણું મળશે. પાત્ર છલકાઈ જશે.

6. પ્રાર્થના, નામસ્મરણની શક્તિથી પ્રકાશ પથરાશે. રસ્તો રાજમાર્ગ બની જશે.

7. શ્રધ્ધા, પરમનું શરણ, નિ:સ્વાર્થ સેવા અને નામસ્મરણથી પરમના પ્યારા બની રહેવાશે.

રાજગીતાના અઢાર તત્વોને જીવનમાં આત્મસાત કરતા રહેજો.
શિવજીવ મિલનની ક્ષિતિજે પરમનો પ્રકાશ પથરાશે.
મારા આપ સર્વેને આશિર્વદ છે. **ૐ મા ૐ**

૧૪. આંતરમનની શક્તિને જગાવીએ

ગુરૂપૂર્ણિમા ૨૦૨૨ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે આપ સર્વે પ્રેમીજનોને મારી ભાવવંદના છે. આપ સર્વેની આધ્યાત્મિક ઉર્જાશક્તિ ઉર્ધ્વગામી બને, વિકાસની ક્ષિતિજો સર કરતી રહે તેવી મારી શુભ ભાવના છે.

ગુરૂ શિષ્યનો આપણો આધ્યાત્મિક સંબંધ સુડતાલીસમાં વર્ષમાં પ્રવેશી રહ્યો છે. મારા વ્હાલા આત્મીયજનો, હવે તો આપનામાં આત્મિક અને આધ્યાત્મિક પરિપક્વતા આવી જ ગઈ હશે.

આપે જીવનને સાત્વિકતા, સકારાત્મકતા, સંવેદનશીલતા, સહનશીલતા અને સંયમથી સજાવી દીધું હશે જ. માનવજીવનમાં વ્યવહાર અને આધ્યાત્મિકતા એકબીજાના પૂરક છે. સાત્વિકતાનો અર્ક આપીને વ્યવહાર અને અધ્યાત્મના આકાશમાં ઉડ્ડયન કરતાં આવડી જાય તો જીવનને દિવ્ય બનાવી શકાય.

તત્વદર્શનના અને મનોવૈજ્ઞાનિકના મત અનુસાર “વ્યક્તિ પ્રાપ્ત થયેલ પરિસ્થિતિને શુભ, સાત્વિક, સંકલ્પોથી સજાવી લેતાં શીખી જાય તો પોતાના આખા વિશ્વનું નવસર્જન કરી શકે.” પરિસ્થિતિને સાનુકૂળ બનાવતા, અપનાવતાં, અનુભવતાં શીખવાની જરૂર છે. આપણા શુભ

વિચારો, શુભ ભાવનાઓ, શુભ સંકલ્પો ગમે તેવી વિપરીત ઘટનાઓ, પરિસ્થિતિને, સમગ્ર જીવનને પલટી નાખવાની શક્તિ ધરાવે છે.

આજના ગુરૂપૂર્ણિમાના પાવન પર્વે આપણે આપણા પૂજનીય માતા-પિતા, વડીલો, ગુરૂજનોના આશીર્વાદ લઈએ છીએ. વડીલોની પ્રેમસભર મંગલભાવનાના આંદોલનથી વહેતી પ્રેમધારા આપણા સમગ્ર અસ્તિત્વને પુલકિત કરી દે છે.

મારા મત મુજબ દરેક વ્યક્તિ શુભ વિચારો, શુભ સંકલ્પો, સકારાત્મક અભિગમ અપનાવીને પોતાના આંતરબાહ્ય વાતાવરણને નિર્મળ, પ્રેમસભર બનાવી શકે. આપણે જડચેતન પદાર્થોમાં આશિષની અમીધારા વર્ષાવી શકીએ. આશિષનો આ પ્રયોગ તો આપણે આપણા પોતાના પર કરી શકીએ. આધુનિક મનોવિજ્ઞાનના મત અનુસાર આપણે જાતે જ આપણા દુ:ખતા, રોગિષ્ટ અંગોને આશીર્વાદ આપી દુ:ખમુક્ત, રોગમુક્ત કરી શકીએ.

આપણો આત્મા પરમાત્માનો અંશ છે. પરમના પ્રેમના આંદોલનો આત્માના માધ્યમથી સમગ્ર શરીરમાં પ્રસરાવી શકાય. આપણું મન આપણા શરીરનો ડોક્ટર છે. આપણું શરીર એક હાલતી ચાલતી લેબોરેટરી છે. આપણે આપણી જાતને અને અન્યને આશીર્વાદ આપવાને પાત્ર ત્યારે જ બનીએ, ક્ષમતા ત્યારે જ કેળવી શકીએ જ્યારે

આપણું મન આત્માના નિયંત્રણમાં રહે. મન આંતરમુખી બને, નિર્મળ, નિર્દોષ, વિવેકી બને.

Self Healing કે Auto Suggestion ની રીત અપનાવતી વખતે આપણે આશિષ આપતાં પહેલાં કે દુ:ખતા, રોગિષ્ટ અંગો પર હસ્ત મૂકીને, મનથી કે મોટેથી કહેવાનું કે "હું તને આશિષ આપું છું કે પરમની ચેતના કાર્ય કરી રહી છે. દુ:ખ, રોગ મટી રહ્યો છે, દૂર થઈ ગયો છે."

આ પ્રયોગ કરતાં ડોક્ટર નોર્મન પીલનો અનુભવ જોઈએ. તેઓ જણાવે છે કે તેઓશ્રી નાના હતા ત્યારે પેટમાં સખત દુ:ખતું હતું. એમના પિતાજીએ કહ્યું, "નોર્મન તારે પોતે જ તારા ડોક્ટર બનવાનું છે. તારે જાતે જ દવા કરવાની છે." "આ કેવી રીતે શક્ય બને પિતાજી?" પિતાજીએ કહ્યું, "તારા મન દ્વારા, તારા પેટને તું સંદેશો આપ, શુભ સંકલ્પ કરજે દુ:ખાવો મટી જશે."

આપણા દૈનિક જીવનમાં વારેવારે ડોક્ટર અને દવાના આશ્રિત થવાના બદલે આપણે આપણા મનની શક્તિનો ઉપયોગ કરવાની જરૂર છે. મનોવિજ્ઞાનનું એક આગવું વિજ્ઞાન વિકસી રહ્યું છે. મનની ઉંડી અગાધ શક્તિનો ઉપયોગ કરીને અસાધ્ય રોગો દૂર કરી શકાય છે.

મનની શક્તિનો સાત્વિક ઉપયોગ માનવતાના કાર્યોમાં, સેવા કાર્યોમાં ઉપયોગ કરીને જીવનને સાર્થક કરવું જોઈએ.

મનની શક્તિને પરમાત્માના દિવ્ય શક્તિ સ્ત્રોત સાથે જોડવા માટે મનને અંતરાત્માના નિયંત્રણમાં રાખવું પડે. મનને મંત્રમય બનાવવા માટે પરમાત્મા સાથે ઉપાસનાના માધ્યમ દ્વારા અનુસંધાન સાધતા રહેવું પડે. મનમાં પડેલા જન્મજન્માંતરના વિવિધ શક્તિબીજોને અંકુરીત કરવા, વિકસિત કરવા પ્રેમ ભક્તિની, સાત્વિકતાની, દયા, કરુણા અને સેવાની અમીધારાથી તેને પોષણ આપતા રહેવું પડે. સાત્વિક, સાનુકૂળ વાતાવરણ નિર્માણ કરવું પડે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

ૐ મા ૐ

ૐ મા ૐ

Let's ROCK

૧૫. સદગુરૂ જીવન યાત્રામા દિવાદાંડી

ગુરૂપૂર્ણિમા ૨૦૨૩ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

વ્હાલા આત્મીયજનો,

આજે ગુરૂપૂર્ણિમા છે. માતાજીના આદેશથી જીવનયાત્રા ને ધર્મમય, કર્મમય જ્ઞાનમય બનાવવા ઇચ્છતા ભાવિકોને યોગ્ય આધ્યાત્મિક માર્ગદર્શન આપવાનું સેવાકાર્ય સ્વીકાર કર્યાને આજે સુડતાલીસ વર્ષ પૂર્ણ થયા છે.

જીવન યાત્રાના વિવિધ આયામોને સફળતાપૂર્વક પરિપૂર્ણ કરવા માટે યોગ્ય, હિતેચ્છુ – માર્ગદર્શક હોય તો જીવનમાં ઉપસ્થિત થતા વમળો, કંટકોને સહજતાથી સુલઝાવી શકાય, નિવારી શકાય અને જીવનના લક્ષ્ય ને આંબી શકાય.

સદગુરૂનો સમાગમ, સત્સંગ, માતાપિતાના સંસ્કારો અને શાસ્ત્રોનું જ્ઞાન – સમજ, આપણા જીવનમા દિવાદાડી સમ બની રહે છે. જો આ દિવ્ય જ્ઞાન ને જીવનમા અપનાવાય, આત્મસાત કરી શકાય તો જ.

સદગુરૂ તરીકે મારી અંતરની ઈચ્છા છે, અભિલાષા છે કે મારા પ્યારા બાળકો, આત્મીયજનો ધર્મના મર્મને સમજીને – આચરણમાં મૂકીને – જીવનયાત્રાને સુખમય, જ્ઞાનમય, મંગલમય બનાવે.

ધર્મમય જીવન જ આપણને આધ્યાત્મિકતાના રાજમાર્ગ પર પદાર્પણ કરાવી શકે.

પહેલા તો આપણે ધર્મના મર્મને સમજીએ.

પરમાત્મા ના સર્વવ્યાપી નિયમથી જડ ચેતન સૃષ્ટિનું સંચાલન થાય છે એટલે બધી જ ક્રિયાઓ નિયમમાં, સ્વયમ સંચાલિત શિસ્તમાં સમયબધ્ધ રીતે થયા કરે છે.

નિયમોનું ચુસ્ત પણે પાલન કરવું, તેનું નામ ધર્મ – ફરજ. ધર્મના આચરણથી જ પરમાત્માની દિવ્યતાનો, ઐશ્વર્યનો અનુભવ થાય છે. આપણામાં દિવ્યતા પ્રગટે છે અને પ્રસરે છે.

આત્માની અનુભૂતિ થાય , નવ સિધ્ધાંતોનું આચરણ, સદાચાર, શિસ્ત, સંયમ, સાત્વિકતા, સકારાત્મકતા, પવિત્રતા જેવા ગુણો – ધર્મના પાયારૂપ મૂળ છે.

માનવજીવન – સમાજજીવનના વિકાસનો આધાર સ્તંભ ધર્મ છે. આપણા વાણી, વર્તન વ્યવહારમાં વિવેક, શિસ્ત, સંયમ, ધર્મના આભૂષણો છે.

આપ સર્વેનું જીવન ધર્મમય બને, આધ્યાત્મિકતાના રાજમાર્ગ પર વિકાસ કરે, પરમના પ્યારા બાળક બની માનવતાને મહેકાવતા રહો. જીવનમાં ધન્યતા અનુભવો તેવા મારા આશીર્વાદ છે. **ૐ મા ૐ**

૧૬. "આપ મને કોઈ જ્ઞાન આપો"

ગુરૂપૂર્ણિમા ૨૦૨૪ **પૂ. રાજયોગી નરેન્દ્રજી**

મારા વ્હાલા આત્મીયજનો,

આજે આપણે ગુરૂપૂર્ણિમાનું 49મોં જન્મ દિવસ છે. 'HAPPY BIRTHDAY' ટુ ગુરૂપૂર્ણિમા.

છેલ્લા 25 વર્ષથી દર ગુરૂપૂર્ણિમાએ આપ સર્વેને હું આધ્યાત્મિક ક્ષેત્રનું જ્ઞાન પીરસતો આવ્યો છું. મને આશા છે કે, આપ સર્વે થોડે ઘણે અંશે પણ એનો અમલ કર્યો હશે.

મને રામાયણનો એક પ્રસંગ યાદ આવે છે કે, જયારે રામજીનો અયોધ્યામાં રાજ્યાભિષેક થયો ત્યાર બાદ હનુમાનજીએ લક્ષ્મણજીને વિનંતી કરી કે, "મારે રામજીને એકાંતમાં રૂબરૂ મળવું છે." લક્ષ્મણજી વિચારમાં પડી ગયા કે, "હમુનાનજીને એવું તો શું કામ હશે?" છત્તા પણ "શ્રી રામને પૂછીને જણાવીશ." એમ જણાવ્યું. રામજીનો જવાબ "હા" માં આવ્યો.

હનુમાનજી મુકરર ટાઈમ મુજબ રામજીને મળ્યા અને બંને હાથ જોડી વિનંતી કરી કે, "આપ મને કોઈ જ્ઞાન આપો." આ સાંભળીને રામજી ખુબ હસ્યા અને હનુમાનજીને ખભે હાથ મૂકીને કહ્યું કે, "હે હનુમાનજી, તું ખુદ સત્યાચરણને વરેલો છે અને અત્યાર સુધી તું

સત્યાચરણ કરતો આવ્યો છું, તેથી મારે તને કોઈ જ્ઞાન આપવાનું રહેતું નથી.

મેં આપ બધાને અત્યાર સુધીમાં ટૂંકમાં નીચે દર્શાવેલ જ્ઞાન પીરસ્યું છે:

1. મારા નવ સિદ્ધાંતો

2. મન વચન કર્મ ની પવિત્રતા

3. ચાર માસ્ટર કી

4. બહેનજી દ્વારા લખાયેલું રાજ ગીતાનું કાવ્ય

5. સર્વાંગી વિકાસનું ફોર્મ

આટલા, ઉપર જણાવ્યા મુજબના આધ્યાત્મિક માર્ગદર્શન આપેલ છે. આ બધા સિદ્ધાંતો અમલમાં મુકો, તેનો અમલ કરો, અને થોડું થોડું શીખવાની કોશિશ કરો.

ઉપરોક્ત જણાવ્યામા સર્વ શાસ્ત્રોનો સાર શામેલ છે. દુનિયા ભરના જેટલા ધર્મો છે, તેમનો સુર એક જ છે. અને બધાજ ધર્મોનો નિચોડ આપવામાં આવેલ છે.

જો આપ બધા આનો અમલ કરશો અને પછી મારી પાસે આવશો તો મને ખૂબ આનંદ થશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે. **ૐ મા ૐ**

૪૮મી ગુરુપૂર્ણિમા
તા. ૨૧-૦૭-૨૦૨૪

૧૭. પરમ પૂજ્ય સદગુરુદેવ દ્વારા રચિત શાયરીઓ



આધયાત્મિક ક્ષેત્રે ડગ માંડયાં.
ગુરૂ કીધા, માળાઓ કીધી,
વાંચન કીધું, મનન કીધું,
સ્વીકારી શરણાગતિ,
તો યે ન હટાવી શક્યા અહમ ને.

ચાર ધામતણી યાત્રાઓ કીધી,
તીર્થે તીર્થે સ્નાન કીધું.
જગતભરની કથાઓ સાંભળી
આખી જિંદગી સત્સંગ કીધો.
તો યે હૃદયતણો અરીસો સ્વચ્છ ન થયો.

આવો બધા ભેગા મળી
પરમતત્વને પીછાનીએ.
અડીખમ દીવા દાંડી સમા
ગુરુદેવ સાથમા
સંસાર સાગર પાર છે.

સર્વેજનો પૂજન કાજ આવીયાં,

કામ છોડી, ઘર છોડી દુર દૂરથી આવીયાં.

ઉરમાં આશ ગુરુદેવના પ્રત્યક્ષ દર્શનતણી.

પૂજન કરી, દર્શન કરી શાતા પામતા.

હર્ષમાં ને હર્ષમાં ખુદ ખોવાઈ જાતા.

કુટુંબ ને સંસારને ભૂલી જાતા.

આ હોલ છે, હાજર છે ગુરૂદેવ,

નથી યાદ આવતી દુનિયાદારી,

હોલમાંથી બહાર આવીયાં,

રાહ જુએ તમારી દુનિયાદારી,

હું કહું છું, રટો અહર્નિશ,

પરમ શક્તિ મંત્ર ૐ મા ૐ

આનંદ પ્રાપ્ત થાશે.

જલાવી પૂનમના ચાંદને

હૃદયના એકાંતને આરે,

ધુણી ધખાવી બેઠો,

મિલનનો મલ્હાર લાવી દે ને!

આવ્યા બધા ભેગા મળી મંદિરમાહી,
સાથમા પ્રેમપુષ્પો લાવીયા,
ચરણે ધરી પ્રેમ પુષ્પો કૃતાર્થ થાતા,
ચરણોતણા પ્રેમપુષ્પો
ધારણ કરૂ હૃદય મંદિરમાં,
હૃદય મંદિર થકી વહાવુ
પ્રેમતણું ઝરણું જીવનજળ રૂપે,
જેનાથકી,
એક એક માનવી, એક એક રાજયોગી.

ચીંધ્યો રાજમાર્ગ પરમતત્વતણો,
રસ્તો બનાવી,
સંહાર કરો ષડરિપુતણો,
સિંચન કરો,
મન વચન કર્મની પવિત્રતાતણું નીર.

આચરણ કરો
રાજયોગીતણા નવ સિધ્ધાંતો,
રાજમાર્ગ પર દોડયા જાશો.
પરમતત્વતણા આવાસમાં
સ્થાન મળશે, માન મળશે,
પરમતત્વને પામી જાશો.

મિલન ગુરુદેવતણું,
આનંદ પામતા.
ચરણે ધરૂ શરણાગતિ
ગુરુદેવને.

આજ શુભ દિન આવ્યો,
સર્વે કુટુંબીજનો આનંદે લહેરાય,
મમ આશીષ,
સર્વદા આનંદથી લહેરાતા રહો,
પરમતત્વને યાદ કરતા રહો.

ચાલી આધ્યાત્મિક યાત્રા તણી વણઝાર,
નાખુદા માત, સાથમાં રાજયોગી.
પરમતત્વ તણી રહેમ થાશે,
પાર થાશો સંસાર સાગર આનંદથી.

આવ્યાં હતાં કંઈક પ્રાપ્ત કરવા.
સંસારી જીવો હતા.
કોરી સ્લેટ જેવા રહ્યા,
હોય સંસ્કાર ગત જન્મના,
આ જન્મે આવી મળે.

નથી સુખની કશી કિંમત,

અગર જો દુઃખ વગર આપો.

નથી જીંદગીની કશી કિંમત,

અગર જો સંસાર વગર આપો.

નથી સાગરની કશી કિંમત,

અગર જો સરિતા વગર આપો.

નથી મહેલોની કશી કિંમત,

અગર જો સપૂત વગર આપો.

નથી ભક્તિની કશી કિંમત,

અગર જો શ્રધ્ધા શરણાગતિ વગર આપો.

અમલ કરો, અમલ કરો.

તપાસતાં અન્યના દોષો,

નિહાળો ખુદના દોષો.

સચવાઈ જાશો,

ઐક્યતા સાધી શકશો.

વિખુટો પડું તમ પાસથી,
આવતો રહીશ,
યાદ કરતો રહીશ, કરાવતો રહીશ,
પ્રીતડી જન્મોજન્મતણી,
સતયુગમાં, ત્રેતામાં, દ્વાપરમાં,
કળિયુગમાં આવી મળી.
મમ આશ,
ભવિષ્યમાં હર યુગમાં આવી મળે.

મુજ સરીખું કંઈક કામ,
મુજને યાદ કરશો,
ભાગશે સર્વ દુઃખ દર્દ તમારાં.
હઠીલા હોય જો દુઃખ દર્દ,
આશરો, મેરા-જીવનજળ ને
આદેશ તણો.

માનવ અગર જો માનવી બની જાયે
સફળતાના શિખરો સર કરતો રહે
સૃષ્ટિ આખી પ્રેમમય દીસે.
જીવનસાગર આનંદથી તરી જાયે.

કર્મ સુકૃત્ય સુગંધ

કર્મ દુષકૃત્ય દુર્ગંધ.

જન્મ જગતમાં પુષ્પ

મૃત્યુ અગોચરમાં આત્મા.

કામનો વરસાદ લીલી ધરતી

કામનો મુસળધાર સૂકી ધરતી.

ક્રોધનું બાષ્પીભવન ઠંડક

ક્રોધનું તાંડવ આગ.

લોભની લાલબતી સ્થિતપ્રજ્ઞ

લોભની લાલચ લૂંટાવાનું.

મોહનો મયુર આકર્ષક

મોહનો ભ્રમર ડંખ.

મદનું ઝરણું સંયમ

મદનો સાગર ભરતી.

મત્સરની સમાધિ આત્માનંદ

મત્સરની જાગૃતિ વિશાદ.

હું મૌન રહીને

એક અનાહત નાદ જગાવી જાણું છું,

ભરનિંદ્રામાં પણ સૂતેલો સંસાર જગાવી જાણું છું,

હું અંતર બાળી બાળીને એક જ્યોત જગાવી જાણું છું,

બરબાદ થાતાં બીજાંને આબાદ બનાવી જાણું છું,

હું ફૂલ ખીલાવી જાણું છું,

ફૂલબાગ બનાવી જાણું છું,

ત્યાં કાળે કહ્યું કે "ગર્વ ન કર"

હું ભસ્મ બનાવી જાણું છું,

તારી આંખોમાં જ્વાળા છે,

મારી આંખોમાં આંસુ છે.

તું આગ લગાવી જાણે છે,

હું આગ બુઝાવી જાણું છું.

વાણીમાં મધુરતા

વર્તનમાં કઠોરતા

વ્યવહારમાં તિરસ્કાર્તા

રાજયોગી કહે,

રહો સો સો યોજન દૂર.

કર્મને શબ્દો મળે

શબ્દોને કર્મ નવ મળે.

દીઠાં મેં મહોલાતો

મોહ વગરનાં.

દીઠાં મેં આવાસો

આનંદથી વાસ કરતા.

યૌવનને કહું,

મુકામ કરે.

ઘડપણ વિસામો લે,

ક્ષિતીજ પરે.

વાદળ ઢાકે સૂર્યને

દુર્ગુણો ઢાંકે મનુજને

વાદળ હટે મળે પ્રકાશ

દુર્ગુણો હટે

બને જીવન ગુલાબસમું.

મારો ને તમારો મેળ જામ્યો છે નક્કી,
આંખ છુપાવે, હૃદય બોલે છે.

માનવ આવન જાવન કરે,
રાજયોગી ધ્રુવતારો,
અગર પાસ આવો,
મુશકરાહટને માણો.

આપી ગયો તમોને યાદ ભરેલી રાતો,
યાદમાં ને યાદમાં,
હૃદય મલકી જાય છે.
શ્રધ્ધામહીં પ્રવેશી જવાય છે.

હું છું એક સિતારો માતતણો,
હટાવી અંધકાર, પ્રકાશ પાથરૂ,
બિછાવું પુષ્પો પથ પરે,
ચાલી શકે જે તે પ્રકાશમાં.
જીવન પંથમાં આનંદથી
મુસાફરી કરતા રહે.

સુરજ, ચંદ્ર, તારલાઓ,
દૂરથી ભાસે સારા,
આવો રાજયોગી પાસ,
હથેળીથી થાબડશે.

ભક્તોના હૃદયની દશાને શું પૂછું?
હું ખુદ મારા હૃદયની દશાને પૂછું,
આપ છો અનેક, હું છું એક,
માત ઈશારો કરે,
હજારો હાથ ફેલાવી શકું.

એક સાથ પુકાર કરે,
૧૬૧૦૮ વિશ્વના માનવીઓ,
રાજયોગી તત્કાળ હાજર
૧૬૧૦૮ પરે.

શ્રધ્ધા માંહિ ચાલે જ્ઞાનગોષ્ઠિ,
જ્ઞાનતણો પંથ કપરો,
પચાવે જ્ઞાનને તો આનંદ આવે,
અનુસરે જ્ઞાનને તો પરમ આનંદ.

પરત થાશો ખુદના નિવાસે,
‘શ્રધ્ધા’ ને યાદ કરશો.
આંખના ખૂણા ભીનાં થાશે,
હૃદય સડસડાટ વહેતું રહેશે.
આંખના બિંદુમહીં રાજયોગી
હૃદય તમારામાં સંતાકુકડી
રમશે રાજયોગી.
હૃદયને આંખમાં હાજર રાજયોગી,
આનંદ, આનંદ, આનંદ.

ખુલ્લો છે રસ્તો, માતનો.
ખુલ્લા છે, દરવાજા માતના.
ખુલ્લા છે, હસ્ત માતના આવકારવા.
ખુલ્લું છે, નિર્મળ હૃદય માતનું,
વાત્સલ્ય કરતું,
પહોંચવા માત પાસ,
બાળ બની, દોડી જાઓ.
માત છે આગ્રહી શિસ્તના,
શિસ્તને પામી ગયા,
અમીવર્ષા માત તણી.

ચાંદો સૂરજ અહર્નિશ સામને
પ્રત્યક્ષ ગુરૂ ખડો સામને
માનવ સમજી શકે આ સત્યને
માનવી મટી મહામાનવ બની શકે.

નથી જાદુગર,
નથી જાદુના ખેલ,
આ માતતણી
અણમોલ બક્ષિશ છે.

નથી રાજવી કે રાજપાટ
છું બાળકુંવર માતતણો,
માતતણા ઈશારે ચાલું,
પરમ દોરે પરમના આંગણે.

ભેખ ધર્યો સેવાતણો,
સેવા એજ મુજ સંદેશ,
તન સંસારી, મન સંન્યાસી,
જંગલમાં મંગલ માણે.

ધરો ધ્યાન જંગલમાં કે મહેલમાં
અણુએ અણુમાં વસતો પરમ,
પ્રીતને પ્રીત મળે,
હૈયે આનંદ ઉભરાયે.
મસ્તી યજ્ઞના છાંટણા છંટાયે.

હે માત !
પાસ થયો તુજ કસોટીમાંથી
સંસારીઓની કસોટી ભારી,
આખી સભામહી છું એકલો,
વિનંતી સાથમાં તું રહેજે,
કસોટી કસોટી નહિ રહે,
પ્રેમથી ફૂલડાં વેરી જાશે.

તમે સર્વે મારા
હું તમારો,
તમે મોતી બની આવ્યા,
હું ધાગો તમારો.
મોતી પરોવાય ધાગામહી,
માતતણા કંઠે સોહાય.

અમાસનો તો ફાડો છેડો,
પૂનમને તો માણી લો.
કમળ એ કમળ રહેવાનું,
ભલે ખીલે કમળ કાદવમાં.

સુખી થાજો, સુખી રહેજો.
સુખી રાખજો.
કિંતુ કદી નવ ભૂલશો પરમતત્વને.

કહેવાય છે, રાજયોગી.
કેદ થયો, સોનાના પાંજરામાંહી
પ્યારૂં માતતણું પાંજરૂ
વાત્સલ્યથી તરબોળ કરે.

આપ સર્વે પધાર્યા પ્રેમથકી
નિહાળવા મા બાળના હેતને
હેતની હેલી વરસ્યા કરે
રાજયોગી સંગ સેવા રહે
સેવામાં સુગંધ ભળે.
સુગંધ તરબોળ કરે સર્વેને.

આવી ગુરૂપૂર્ણિમા
તમો બધાં હાજર
હાજર ની હાજરી
માતતણી પોથીમાં.
માત યાદ કરે તમોને
આ જીંદગી સફળ થઈ,
ગુરૂપૂર્ણિમાના પર્વ પરે.

પ્રેમ અર્પો એજ વાત્સલ્ય આપનું.
આપના પ્રેમમાં મેં તો ભુલાવ્યો મને.

મેળવ્યો સૂર્ય તણો પ્રકાશ
મેળવી પૂર્ણિમા તણી શીતળતા,
સંગમ થયો ઉભયનો, હરખાઈ ગયા.
(પણ) ન માણી શકયાં, ન સાચવી શકયાં.
હતા તેવાં ને તેવાં જ વહી ગયાં

સંસારીઓ ડોળ કરે
ઈશ્વર અમારો છે
વર્તન એવું કરે
ઈશ્વર ભાગી જાય.

એક ભક્તે પૂજ્યશ્રીને બે પ્રશ્નો પૂછ્યા (ગુરૂપૂર્ણિમા ૨૦૦૦):

(૧) ભક્ત: વીજળી છે આંખમાં,
બાથમાં વાદળ પાણી ભરેલાં છે
જોયા કરૂં છું રાહ, પાણી સમી હવે
ક્યારે કહું, પધારો, ઓ મેઘ એ બતાવો...

પૂજ્યશ્રી: ક્ષેત્ર તમારૂં શુન્યાવકાશથી ભરી દો,
એષણાઓ સઘળી અદ્રશ્ય થાશે
ભીતરમાં દિવ્ય પ્રકાશ પથરાઈ રહેશે
પ્રગટશે પરમ ત્યાં સદ્ ગુરૂ સ્વરૂપે...

(૨) ભક્ત: સૂણો છો તમે આસમાનેથી રા'ડો
ધરમ ધરે પડતી, એ દરરોજ ધાડો
અવનિ ઉપર આગમન ક્યમ તમારૂં ?
ગણી ગ્લાનિ, કદમ, કહો રાજા માંડો...

પૂજ્યશ્રી : સજ્જનો જ્યાં જ્યાં વસે
પરમની નિગાહ ત્યાં પડતી રહે
આફતમાંથી ઉગારવા,

પરમના પહેરગીરો સદાય હાજર રહે

સત્સંગનું રક્ષાકવચ, સદાય સાથ રાખો

સદગુરૂનુ રક્ષણ સદાય મળતું રહેશે.

શિવ જીવનું મિલન થાયે
આભા કંઈ ઓર પ્રગટે
માનવ મટી મહામાનવ બને
પ્રભુ ઘર શોધતો આવે.

ધરા પર આવવું હતું.
તેથી બનાવ્યો રાજયોગી આ જગતમાં

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ॐ॥

श्री सद्गुरु देवाय नमः

प्रणम्य करुणामूर्तिम् । आत्मज्ञान प्रदीपकम् ।

योगक्षेमे नियुक्तोहं । ध्यात्वा ज्योतिर्मुखं गुरोः ।।

श्रीगुरुचरणाम्भोजं सत्यमेव विजानताम् ।

जगत सत्यमसत्यं वा नेतरेति मतिर्मम ।।

गुरुसन्तोषमात्रेण सिद्धिर्भवति शाश्वती ।

अन्यथा नैव सिध्दिः स्यादभिचाराय कल्पते ॥

માનવ જીવનના લક્ષ્યને હાંસલ કરવા રાજગીતાના અઢાર તત્ત્વોને અનુસરીએ

૧. નવ સિદ્ધાંત - ૯

૧. ઇષ્ટમાં સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી
૨. નિ:સહાયને સહાય કરવી
૩. દુ:ખીઓના દિલનાં આંસુડાં લુછવાં
૪. કોઇની ઈર્ષ્યા કરવી નહિ
૫. કોઇની સાથે વિશ્વાસઘાત કરવો નહિ
૬. પરનિંદાથી દૂર રહેવું
૭. પુરૂષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું
૮. નિ:સ્વાર્થ સેવા કરવી
૯. અહમનો ત્યાગ કરવો

૨. મન, વચન, કર્મની પવિત્રતા - ૩

૩. જીવન સાફલ્યની માસ્ટર કી - ૪

પ્રેમ માર્ગ, જ્ઞાન માર્ગ, સહન માર્ગ, ક્ષમા માર્ગ

૪. ઉપાસના અને સત્સંગ - ૨